શ્રી ઈમામશાહ બાવાની કથેલી.

યોગવાણી.

લેખક

સૈયદ બાવાસાહેબ અહમદઆલી "ખાકી"

॥ પ્રકાશકો ॥

સત્પંથી

સૈયદ શમ્સદીન બાવા સાહેબ "ખાકી"

તથા

પટેલ કાનજીભાઈ રત્નાભાઈ

મું. પીરાણા (ડી. અમદાવાદ)

પ્રત ૧૦૦૦. આવૃતી ૨ જી સંવત ૨૦૨૭

મુદ્રક : : મણિલાલ છગનલાલ શાહ,

ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા, અમદાવાદ.

શ્રી ઈમામશાહ બાવાની કથેલી.

યોગવાણી.

લેખક
સૈયદ બાવાસાહેબ અહમદઆલી "ખાકી"

॥ પ્રકાશકો ॥
સત્પંથી
સૈયદ શમ્સદીન બાવા સાહેબ "ખાકી"
તથા
પટેલ કાનજીભાઈ રત્નાભાઈ
મું. પીરાણા (ડી. અમદાવાદ)

પ્રત ૧૦૦૦. આવૃતી ૨ જી સંવત ૨૦૨૭

મુદ્રક : : મણિલાલ છગનલાલ શાહ,
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા, અમદાવાદ.

શ્રી સદ્ગોર પીર ઇમામશાહ બાવાકૃત–

યોગવાણીનાં જ્ઞાન.

લેખક

સૈયદ બાવા સાહેબ અહમદઅલી "ખાકી"

॥ પ્રકાશકો ॥

સત્પંથી

સૈયદ શમ્સદ્દીન બાવા સાહેબ "ખાકી"

તથા

પટેલ કાનજીભાઈ રતનાભાઈ

મુ. પીરાણા (ડી. અમદાવાદ)

પ્રત ૧૦૦૦. આવૃતી ૨ સંવત ૨૦૨૭

મુદ્રક: મણિલાલ છગનલાલ શાહ,

શ્રી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા, અમદાવાદ.

પ્રસ્તાવના

આ જ્ઞાન યોગવાણીનાં છે, તે સદ્ગોર બ્રહ્મા સદ્ગોર પીર ઈમામશાહ બાવા, જ્યારે પોતાનાં પીતા શ્રી પીર કબીરદીન સાહેબ અમર લીલા સ્વીકારી ગયા, તેના ત્રણ દિવસ પછી યોગિયો દશાંશના નાણા લઈને આવ્યા. તે સમયે શ્રી સદ્ગોરજીએ, યોગિયો સાથે જ્ઞાનનો પ્રસ્તાવ કર્યો, ને સદ્ગોર બ્રહ્માજીએ યોગ સમજાવ્યો, તેના છે. તે સમય શ્રી સદ્ગોર બ્રહ્મા ઈમામશાહ બાવાની આયુષ્ય (૯) વરસ લગભગની હતી.

શ્રી. સદ્ગોરજીએ ભવિષ્યનો સમયે જે હજુ આવવાનો છે તે કેવો આવશે? તેના વિષયમાં પોતે "બારમી સદ્દી"નું જ્ઞાન કહેલું છે; તે પ્રથમ આપવું મને પોતાને યોગ્ય ને સાનુંકુળ ભાસવાથીજ પ્રથમ આપ્યું છે.

* જ્ઞાન બારમી સદીનું.

બારમી સદ્દી જ્યારે આવશે, ધર્મ નહિ રહે લગાર. ૧
ધર્મ કરતાં ઓછું આણશે, એવો આવશે સંસાર. ૨
સતીયોના સત્ય જ્યારે ટુટશે, ત્યારે સત્ય નહિ રહે લગાર. ૩
ખાના માંહે ભૂતખાના વાપશે, એવો આવશે કલિ કાલ. ૪
ટાઢી સીએલ મુનિવર પાલશે, બોંહતેર ખાના બાળ્યાનું રે પાપ. ૫
ત્રીસો બત્રીસો પાપી જાણજો, તે પણ છે એ મહા ચંડાલ. ૬
છત્રીસે છેતર પિંડી થાશે, તે તમે જાણજો નિર્ધાર. ૭

* બારમી સદી=બારમો સૈકો.

પિસ્તાલિશે બારમી સદી પુરી થાશે, ત્યારે જાગશે અજેપાલ. ૮
પચાસે બાવને બલ જાગસે, ત્યારે થાશે એકારેકાર. ૯
આઠે બાસઠે બલ આવશે, જે પેડો છે પિબાલ. ૧૦
સીતેરે બોંતેરે [1]સંધી ફીટશે, એવે ભેળાશેરે સંસાર. ૧૧
પંચાસીયે પીર શમ્સ જાગશે, ઋષિંવર થાઓને હુંશિયાર. ૧૨
ચોરાણુવે પંચાણુવે પશ્ચિમ ઉગશે, અલી મેંહેદી થાશે અસવાર. ૧૩
નવ્વાણુંએ સૈકો પડે [2]સંધ આવી પોતી, અગમ અલ્લાહકું જાણુ. ૧૪
જ્ઞાન બોલ્યા ગોર ઈમામશાહ, મુનિવર એ સહી કરી પરમાણુ. ૧૫

જગતનું ભવિષ્ય, શ્રી સદ્‌ગોરજીએ આજ્ઞાને કરી ફર્માવ્યું છે, તે સુજ્ઞ વાંચક વિરાઓ મગજ શાન્ત રાખી સાત્વિક આહારીએ સોધી જોવું. સદ્‌ગોરજીનાં ભાંખ્યા કદી મિથ્યા નથી થવાના.

શ્રી સદ્‌ગોર અનંતનાં તારણહાર, શ્રી પીર કબીરુદ્દીન બાવાની આયુષ્ય ૧૧૯ વરસની થઈ, જામો પોતાનો સમાવવાના કારણો સર્વ આવી મલ્યા, તે જાણી તે સમય પોતાનાં અઢારે પવિત્ર પુત્રોને પાસે બોલાવી પોતે આજ્ઞા ફર્માવી, કે મારો હવે વિચાર જગત જંજાલથી મુક્ત થવાનો પૂર્ણ થાએ છે. માટે તમો અઢારે વિસાઓને સતપંથી આલમમાં જઈ સર્વને ચેતના આપી દો, સર્વેએ નોખા નોખા પ્રદેશમાં જાવું. તે હરેકને નોખા નોખા પ્રદેશો ચીંધી ભલામણ સર્વ કરી દીધી.

શ્રી સદ્‌ગોર હ૦પી૦ ઈમામશાહ બાવાને ગુજરાત તરફ જવા આજ્ઞા થઈ. શ્રી સદ્‌ગોર બ્રહ્મા, હ૦ પી૦ ઈમામશાહ

---

[1] સંધી—હદ, યોગ. [2] સંધ—હદ, છેડો. સાંધો

બાવાની તે સમય વય ફક્ત *પાંચ યા નવ વરસની લગભગ હતી. બાળવય ને લાંબો પંથ, તેથી જગતનાં વિવેક ખાતર શ્રી કબિરદી બાવાએ પોતાનાં હજુરી મુખી હાજરબેગ સાહેબને સાથે જવા ફર્માવ્યું.

તે અરસામાં જ સર્વ ભાઈઓ શ્રી અન્નતનાં તારણહારની આજ્ઞા શિરવંદ્ય ગણી, પોત પોતાને પંથે પળી ગયા. શ્રી સદ્‌ગોર હ૦પી૦ ઈમામશાહ બાવા ઉંચ મુલ્તાન થી ૨૦૦, ગાઉ છેટે પંજાબ ને સિંધની સરહદ પર કશમોરા શેહેર છે, તેની પાસે કોટલી ગામ હતું, ત્યાં રાત્રે હતા.

રાત્રે સત્યપંથિયોનાં સમુહ વચ્ચે વચનામૃતો વરસાવતા હતા. લગભગ રાત્રીનો અર્ધ ભાગ વ્યતીત થયો હતો, સૌ સાથ આનંદ મનાવી રહ્યા હતાં, ત્યાં એકાએક શ્રી સદ્‌ગોર હ૦પી૦ ઈમામશાહ બાવાનું મુખકમળ લેવાઇ જઈ, આંખો માંહેથી અશ્રુનાં બિન્દુઓ ખરી પડયા, એ દેખાવ સત્પંથિયોથી જોયો ન ગયો, તરત વડેરાઓ શ્રીજી સનમુખ હાજર થઈ, ઉદાસીનું કારણ પુંછી વિનવવા લાગ્યા.

શ્રીજીએ ફર્માવ્યું કે કાંઈ નહિં, હું અત્યારે જ 'ઉચ્ચ' જવા ઇચ્છા ધરાવું છું. સર્વ સંઘે અરદાસ કરી, સાહેબ ! અત્યારે બે, અઢી, પહોર રાત્રી ગુજરી ચુકી છે. આપ રહી જાવ ! સવારે તે બાબતના સર્વ ઉપાય કરશું, શ્રીજીએ ફર્માવ્યું, કે ઉપાય, ખુપાય કાંઈ નહિ, હાલજ મારે રવાના થવું જ જોઇએ. સંઘે ઘણો આગ્રહ કરી ઉતાવળનું કારણ પૂછ્યું.

*એક ઠેકાણે પાંચ વરસ લખ્યા છે, એક ઠેકાણે નવ વરસ લખ્યા છે. જન્મતીથી જોતાં નવ વરસ સાનુકુળ છે.

આપે જવાબમાં કહ્યું, કે અન્નતનાં તારણહાર અમર લીલા કરી ગયા છે; મારે તેમને દફનાવ્યા પેહેલાંજ જવું જોઇએ. સંઘ સર્વ આશ્ચર્ય પામ્યા. ને શ્રીજીની બાળવય સામું જોઇ બચપણના સ્વભાવે ભોળવાઇ, સમજ્યા કે પિતાશ્રી સાંભરી આવવાથી આવી હઠ કરે છે. વડેરા વિનવવા લાગ્યા કે, સાહેબજી ! પિતાશ્રીની હયાતીથીજ આપના લાડકોડ પૂરા થાએ છે. આપે તંઓશ્રીનું આવું ઇચ્છવું ના જોઇએ ! શ્રી સદ્‌ગોર પીરશ્રી ઇમામશાહ બાવાએ ફર્માવ્યું કે, તમારૂં કહેવું બધુંએ સત્ય છે. મારા તો લાડકોડ પૂરા કરે છે, તે તો ઠીક પણ આખી જગતના લાડકોડ એનેજ પુરા કરવાનાં છે. પણ જે બીના બને છે. ને જે લખી છે, તેને મિથ્યા કરનાર કોઇ નથી.

સંઘે વિન્નતી કરી કે ! આપ શું ? અત્યારે તૈયારી કરી રવાના થવાથી, શ્રીજીને દફનાવ્યા પહેલા પોહોંચી જશો ? આપ કહો છો, કે મારી પાંતી હજુ મને મલી નથી, તો તે શ્રીજી પાસેથીજ લેવી છે. તે કેમ પોહોંચી શકશો ? અહીંથી ઉંચ શહેર બસો, સવા બસો, ગાઉ દૂર છે. આપ ધીરજ કરો તો સાંઢણી કરી લાવીયે, તે પણ રાત્રી પડયા પછી પોહોંચાડશે. શ્રીજીએ ફર્માવ્યું કે, મેં તમને નાં કહ્યું ? કે હું અત્યારે જવાની ઇચ્છાવાળો છું. સાંઢણી એકજ માણસ લઇ જાયે ! પણ મારે તો હાજર બેગ સાથેજ જોઈએ સંઘે અરજ કરી કે આપ હઠ ન કરો, આપને પગે લાગી વિનવિયે છીયે. ઘણું, ઘણું કહ્યું ત્યારે, સદ્‌ગોરજી ફર્માવ્યું કે, તમો ગભરાવ નહિ, જેને જેને છેલ્લે

યો. ૧

છેલ્લા દર્શનનો લાભ લેવો હોય, તે સર્વ મારી સાથે ચાલો. એમ કહી હાજર બેગને રથ તૈયાર કરવા આજ્ઞા આપી દીધી.

પોતાને સર્વ સંઘને મળતાં હલતાં ગાડી વગેરે તૈયાર થતાં અઢી ત્રણ વાગ્યાનો સુમાર થઈ ગયો. જે સાચા સત્પંથી હતા. જેને દર્શનની અભીલાષા હતી, તેવા ચાલીસ ભક્તો તૈયાર થઈ સાથે આવવા આવી મલ્યા. સંઘ સર્વને સાથે આવનારા ચાલીસે પુરૂષો શ્રીજી સાથે રવાનાં થયાં. સંઘ તો ગામના ઝાંપા સુધી આવી હળીમલિ સદ્‌ગોરજીની સફર સફળ ઈચ્છી, આવજો, અવજોની વિનતીઓ કરતા રહ્યા. મનમાં ગમે તેમ શ્રીજીના બાળપણુની વાતોકરતા રહ્યા ! શ્રીજી સાથે આવનારા ચાલીશે માણુસોને થોડેક દૂર સુધી આવવા દઈ સાથે આવેલાઓને પોતે ઉભા રાખી ફર્માવ્યું, કે મારે 'ઉચ્ચ' જવું છે, આવનારા પુરૂષોએ કહ્યું કે હમો પણ આપના સાથેજ આપનાજ હુકમે, આવ્યા છીએ, તે ચોકશજ, એમ ત્રણવાર પુછ પરછ થયા પછીજ, મુમુક્ષુઓને પોતે આજ્ઞા કરી કે તમો સર્વ મારા રથને વળગી પડો, જે હાથમાં આવે તે ઝાલી રાખજો. છોડતા નહિ. આજ્ઞા થતાં સાથ ચાલીશે પુરૂષો રથને ચારે તરફ વિટલાઈ લઈ, જે હાથમાં આવ્યું તે ઝાલી વળગી રહ્યા. વળગી રહ્યા પછી શ્રીજીએ આજ્ઞા કરી કે આંખો સર્વ બંધ કરી લો, મારા કહેવા પેહેલાં કોઈ આંખ ઉઘાડશો નહિ. એમ કહી પોતે હાજર બેગની જગ્યા એ આવી હાજર બેગને અંદર લઈ બળદોના પૂઠા ઉપર બને હાથો રાખી દઈ આજ્ઞા કરી. કે રથને બળદે મનોવેગી વેગ ધારણુ કર્યો. વાત કરતાં વેંતજ, રથને

સમુહ સર્વને લેઈ ઉચ્ચંને ઝાંપે આવી પોહોંચ્યાં, એજ ટાણે શ્રી અન્નતનાં તારણુનોજનાજો સામી ગામ બાહેર આવ તો જોયો. તરતજ, સર્વને આજ્ઞા કરી, કે આંખો ઉઘાડો, શ્રીજીનો જનાજો આ સામો આવે છે. પોતે રથેથી ઉતરી જનાજા પાસે ગયા, ને હાજર બેગ રથ લઇ મુકામે ગયા. પોતે જનાજા પાસે જઈ જનાજાને અટકાવ્યો, ને પછી જે લીલા કરી તે સર્વ વાત જીન્નત નામાનાં ૫૨ વચનમાં શ્રીજીએ પોતે ફર્માવી છે.

જનાજા માંહેથી અન્નતમાં તારણુ હારે મુખ કાઢી, સાકર, માળા, વચનાદિ આપી સદ્ગોરજીને સંતોષ્યા. ને શાહ દરગે જવા આજ્ઞા આપી.

સદ્ગોરજી અન્નતમાં તારણુહારની આજ્ઞાથી શાહ દરગે જવા તૈયારી કરતા હતા, તે તૈયારીનો દ્રશ્ય જોઈ, શ્રીજીની બેન બાઈ બુઢાઈ સાહેબની એક અમુલ્ય મનો ભાવનાં પુરણુ કરવા, શ્રીજીને અન્નંતનાં તારણુનો ચાલી સો કરી શાહ દરગે જવા વિનવ્યા, શ્રીજી અન્નતનાં તારણુહારનો ચાલી સો કરવા રોકાયા. તે અરશામાં શ્રીજીનાં શિષ્ય મંડળમાંના કેટલાક યોગિયો દશાંશના નાણુા રૂપિયા સાડા સાત લાખ ઉપર લેઈ આવ્યા. તેઓંએ તે રૂપિયા કોને આપવા? એ સવાલ ઉભો થવાથી, સતરે ભાઈ યોગીયો માટે એકત્ર થઈ યોગીયોને બોલાવ્યા. યોગીયોએ શ્રી પીર કબીર દીન સાહેબની આજ્ઞા આગળ કરી, ને કહ્યું કે, હમોને સદ્ગોરજીની કળાનાં પૂરેપૂરા દર્શન કરાવો, તો નાણુા દશાંશના લો.

ત્યારે સર્વ ભાઈયોએ પાછા હઠી કહ્યું કે એ પીર શમ્સનું કર્તવ્ય છે. એ મોટું રૂપ લેવાય નહિ.

ત્યારે યોગીયો નિરાશ થઈ પાછા જવા લાગ્યા. ત્યારે હાજર બેગ એ યોગીયોને મળ્યા; ને સમજાવ્યા. કે, સદ્ગોરજી તો મકાનમાં બેઠા છે. તેમને મળો, તો તમારા કાર્ય થાએ.

ત્યારે ત્રણે યોગીયો શ્રીજી પાસે આવી વિનંતી કરી. ને દશાંશ લેવા વિનવ્યા. પોતે સદ્ગોરનું સાદસ્ય સ્વરૂપ દેખાડી, દશાંશ લઈ ભાઈયોને વેહેંચી દેવા આજ્ઞા કરી, તે સમયે યોગીયોએ સમયને શોભતી પ્રશ્નાવલી રજુ કરી, તેનો સદ્ગોરજીએ શાંન્તીએથી સમાધાન કર્યું, તેજ આ જ્ઞાન યોગ વાણીના નામથી પ્રખ્યાત છે.

આ કલિયુગમાં આવા યોગથી મોક્ષ નથી, પણ ગ્રહસ્થાશ્રમ પુરી રીતે શાસ્ત્રાનું કુળ પાળી શ્રીહરિથી યોગ કમાઓ તોજ મોક્ષ છે. પુરી રીતે ક્રિયા ગ્રહસ્થાશ્રમી રહી પાળવી, સયંમ જાળવવો, ભાભારામ સુબોધમાં શ્રીજીએ તે સર્વ વાતનો ખુલાશો કરેલો છે.

આત્મ દર્શન પામવા માટેજ પહેલાં આત્માંના શ્રષ્ટાને ઓળખી તેનો મનુષ્ય તન વેદ પ્રમાણે ખોળી, યુગમાંનો યુગ સ્વામી ઓળખવાથી મોક્ષ છે, તેને શાંન્તીએ યુગમાં મનુષ્યપણામાં ખોળવાથી જ તે મળે, ને તે શ્રીને મળે જ મોક્ષ છે, જેથી સંયમ, ક્ષમા, દયા, સંતોષ, ક્ષમા, આજ્ઞાકિંપણાએ શ્રીજી સાંપડે છે.

પ્રથમ પહેલાં હ્રદય પવિત્ર કરવાની જરૂર છે, તે માટેજ સદ્ગોરજીએ માદક પદાર્થ તજાવ્યા છે, 'અમલ આહાર

તજો નર જોઈ.' સદ્‌ગોરની શિખામણ, ખાદ્ય વસ્તુઓમાં જ્યાં, જ્યાં માદકતા મેળવેલી દેખાતી હોય ? તો તે ખોરાક પણ તજવો જરૂર છે. અમલ એટલે જેનાથી બુદ્ધિને વિકાર ઉત્પન્ન થઈ વમલ ઉપજાવે, તેવા સર્વ ખોરાક માદકજ કહેવાય.

માદક અહારિયોને સત્પંથ સમજવાનું નજ ભાન થાય. માદક અહારી સત્પંથિ કહેવાતો હોય ! તો તે સત્પંથી નહિ, પણ પ્રપંચી છે. શ્રી સદ્‌ગોરજીનાં વચન ઉવેખી સત્પથિ ક્યાંથી થવાય !

યોગવાણીમાં શ્રી હરિથી આત્માનો યોગ કેમ થાએ ? તેની સર્વ સમજ આપવામાં આવી છે. શ્રીહરિ મનુષ્યરૂપે યુગમાં આવે છે, તેનો એક જ માર્ગ હરિવંશ છે. તે હરિવંશમાંજ હરિ આવે, હરિવંશમાંજ બ્રહ્મા ને વિષ્ણુ હોય, બીજે કોઈ પણ જગ્યાએ હરિવંશ મનાવવાનાં ફાંફાં છે, તે કોઈએ માનવું નહિ. હરિવંશની ઓળખાણજ સત્પંથમાં હરિવંશનો યોગ વાણીએ કરી સમજાવ્યો છે તે આ પ્રમાણે છે.

શ્રી કૃષ્ણ ભગવાન વિષ્ણુનો અવતાર દ્વાપુર યુગમાં હતો, તે સમય તેઓશ્રીના અગ્રગણ્ય શિષ્ય, અર્જુન પાણ્ડવ હતા. શ્રી અર્જુન ને પાણ્ડવોથી શ્રી કૃષ્ણ અતિજ નિકટના સંબંધે બંધાયા હતા. ત્યાં સુધી કે, કાંટો પાંણ્ડવોને વાગે ત્યારે શ્રીકૃષ્ણ પગ ખોતરાવવા જાય, શ્રી અર્જુન ને એ મહા જ્ઞાન શ્રીકૃષ્ણ પરમાત્માએ સમજાવતાં પોતે ફર્માવ્યું હતું, કે મોક્ષનો છેલ્લો આ એકજ ઉપાય છે. કે "મનેજ કર્તા, હર્તા પ્રભુ" માનીનેજ મારા સ્વરૂપનુંજ ધ્યાન ધરતો થકો મારા સ્વરૂપને પામી જવાશે.

શ્રી અર્જુને શંકા થવાથી પ્રશ્ન કર્યો, કે મોક્ષ જો આપનાજ શરીરના ધ્યાને મળવાનો હોય ? તો આપનું શરિર સ્થાયી કાયમ રહેવાનું છે ? શ્રીકૃષ્ણ કહ્યું કે નહિ. તો આપનું શરિર અસ્ત થયા પછી જગતનો મોક્ષનો માર્ગજ બંધજ થઈ જવાનો. શ્રીકૃષ્ણે જવાબ દીધો કે નહિ. "वंशास्त्रिपात्र: पूजामहं" મારો વંશ પુજાને પાત્ર છે.

મારા વંશનું ધ્યાન ધરતો પુરૂષ પણ તે મારા પણાને પામી; મને પામી જઈ મોક્ષ ગામી થાશે. શ્રી અર્જુને પુછયું ? આપને તો લાખ ઉપરાંત પુત્રો છે ? તેનો સામટો ધ્યાન કે વીરી તે ધરાય ? ને તેમાં ધ્યેય મૂર્તિ કોને લેખવી ? શ્રીકૃષ્ણે ફર્માવ્યું કે, હરિવંશ પુજાને પાત્ર છે. શ્રી અર્જુને પુછયું ? આપ શ્રીવિષ્ણુ, એટલે હરિ કહેવાઓ, જગતનાં તાપને હરનારા છો શ્રીકૃષ્ણે ફર્માવ્યું કે, તમે કહ્યું એ યથાર્થ છે. પણ મારા શરિ પછી હરિવંશની પદ્ધી માટે તેમ નથી. હરિવંશ તો આવી રીતે ઓળખાય છે. ૧ બ્રહ્મા. ૨ વિષ્ણુ, ૩ શક્તિ, એ ત્રણે નો એકજ મિશ્ર વંશ થાયે, તેજ હરિવંશ કહેવાએ. મારૂં શરિર શ્રીવિષ્ણુનું, રૂકમ રાજાનું શરિર બ્રહ્માનું રૂક્ષમણી શક્તિ છે. તે ત્રણેનો ચાલેલો તે જ વંશ હરિવંશ લેખાય.

રૂક્ષમણીનાં મહા જ્ઞાની પુત્ર શ્રી પ્રદ્યુમન, તેમનાં પુત્ર શ્રી અનીરુદ્ધ,થયા. તેમનો "ઓષા" શ્રી પાર્વતિજીની સૃજીતને શ્રીશંકરે અપેલી, બાણાશુરની પુત્રી એ હરણ કરી શોણિતપુર લઈ ગઈ. તેમનો વંશ શોણિપુરમાં શોણિત સમુદ્રના પશ્ચિમ ત્રટ રહ્યો. ત્યાંથી કાળે કરી મકલેશ્વરમાં આવ્યો,

ત્યાંથી કાલે કરી, પાછો મિસરમાં ગયો, ત્યાંથી કાળે કરી ઈરાનની ભૂમિ પવિત્ર કરી. ત્યાંથી પાછો ભરત ભૂમી પાવન કરવા ભરતખંડે પંજાબ પ્રદેશમાં લીલા કરી, ત્યાંથી કાળે કરી ગુજરાત પ્રદેશમાં કલિયુગની ગંગા સાભ્રમતી ત્રષ્ટ વશાવ્યું.

યુગ યુગની ગંગાનાં નામો નોખા, નોખા, પ્રદેશોમાં હોવાથી નોખા, નોખા પડયા છે. કૃત યુગમાં ૧ કૃતવતી. ત્રેતાયુગમાં ૨ મણિકણિકા. દ્વાપુર યુગમાં ૩ ચંદના આજ કલિયુગમાં ૪ સાભ્રમતી છેજ.

જ્યાં જ્યાં ગંગા વેહેતી, ત્યાં, ત્યાં હરિનાં ચરણોદકનાં પ્રભાવે એ સ્થાનો એ તિર્થ રચાયેલા, એ તિર્થક્ષેત્રો પુજાયા કર્યા છે, તે આજ સુધી પુજાય છે.આજ કલિયુગનાં પ્રભાવે, લોકો મિથ્યા રસ સ્વાદમાં ફસી મિથ્યા અહારે વળગી. માદક પદાર્થોના સેવને વળગી ગયા. જેથી .બુદ્ધિ પણ "અહાર તેવા ઓડકાર" અહાર જેવી બુદ્ધિ થવાથી શાસ્ત્ર, વેદ, એ સર્વને 'હંબંગ,' કહેવા ઉભા થઈ પણ શ્રીજીનાં અન્તારોને ઉથાપી, શાસ્ત્ર આજ્ઞા તજી દઈ, સુખ સગવડને વળગવા દોડી રહી, શ્રીહરિથી વિમુખ થઈ રહ્યા છે.

જે સજ્જનો શુદ્ધા શુદ્ધનો ભેદ મૂકી દઈ, કોમિવાદના ભેદને શુદ્ધતા વિનાજ એકત્ર કરવા મિથ્યા પ્રયત્નો એ મથી રહ્યા છે. જો કે કોમિવાદ વિષિલો અગ્ની છે. એનો પ્રસ્વ થયા પછી આખી જગતનો નાશ કરી નાખે છે, એ સત્ય છે. પણ શુદ્ધા શુદ્ધનો ભેદ ટુટવાંથી, એ વિષિલો અગ્નિ તે પુર ઝડપે ફેલાવનારો પવન છે.

આ યુગ તમાકુ—દોજકનાં ધૂંવાડાનો છે, જગત એમાં ક્ષુબ્ધ થયેલું, અને એ તમાકુનો ધૂંવાડો વાતાવરણમાં મળી જઈ આખો એ બ્રમાંડનો વાતાવરણ ભ્રષ્ટ કરેલો છે, જેથી હરેક માણસે શુદ્ધતા બહુજ ચીવટે જાળવવી જોઈશે.

માટે મારી વિન્નતી પણ એ સાથેજ કરિ દઉં છું કે "જે મહાશયો ! કોમિવાદનો નાશ કરવા પ્રયત્નો કરતા હોય ? તો તેમણે શુદ્ધા શુદ્ધનો પ્રથમ પ્રબંધ કરવો, શુદ્ધા શુદ્ધનાં પ્રબંધેજ જગ કલ્યા છે. એથીજ જ્ઞાનની પ્રાપ્તિ છે. હરિ મળવાનો એજ માર્ગ છે. એ વિનાં સર્વ પ્રયત્નો જગ શાન્તિના મિથ્યા છે. એજ વિન્નતી. હરિ ઓમ, ૐ ૐ ૐ શાન્તી શાન્તી શાન્તી. વાંચનાર, શાંભળનાર, સર્વને મારા ઘણા, ઘણા પ્રેમથી પ્રણામ છે.

લી૦ સત્પંથ સંઘનો દાસાનુદાસ.

પટેલ કાનજીભાઈ રત્નાભાઈ

માન કુવાઈ, ધોળું, હાલ મુકામ વરસોલ.
જી. ખેડા. પો. મેહમદાબાદ, વાયા ગોઠાજ.

સૈયદ અહમદઅલી અલીમીયાં સાહેબ કૃત.

બ્રહ્મ ઉપદેશ.

જ્ઞાન શ્રી સદ્ગોર બ્રહ્મોવાચ.

શુદ્ધ બુધ્ધે રાચો મુનિવરો, તો દિલથી મેલજ થાએ દૂર;
હૃદયથી જો મેલ દૂર થાએ, તો સાહેબ હોએ હજુર. ॥૧॥
ભાઈ ! ક્ષમા સારૂ તને સૃજિઓ, કાંએ ભૂલો વારોવાર,
મનુષ્ય દેહી ફરી નહિ મલે, તમે ચેતીને ચાલો ગમાર. ॥૨॥
ભાઇ ! જેનાં દિલમાં ક્ષમા નહિ, તેના દિલમાં નાખો ધુળ;
તેતો ફૂટી હાંડી તોલ છે, તેનું કોડી નાં આવે મુલ. ॥૩॥
ભાઈ! જેના હૃદયમાં ક્ષમા આવશે, તેને જાણો આરીસા પ્રમાણ;
આરિસામાં જેમ પ્રકાશ છે, તેમ સાહેબ ભીતર તું રે જાણ ॥૪॥
આવો દુર્લભ મનષ્યા તનઆપીયો,તો કાહેર કાંથાવો મુનિવરભાઇ ?
અગ્નિએ બલે જેમ સતી અસ્રી,પતિ સાથે તે કાંઠે સીંચાઈ. ॥૫॥
ભાઈ! પુરૂષ થઈ શું અસ્રીથીએ ગયો ? વિચારો મનની માંએ;
પતંગ સરીખો એક જીવડો, તે પ્રેમે બાળે પોતાની કાએ.॥૬॥
દિપકે પતંગ ઉતાવળા, જોતાં જઈ ઝપલાવે કાએ;
મનુષ્ય થઈ તું નાં ચેતિયો, તારો મનખો એળેરે જાય. ॥૭॥
આ જીવને ક્યાં લગી સંતાડશો ? છેવટે મરવાનું છે જાણ;
સંસાર સુખ એક પલ છે, આગલ મહાદને હોશે તમને જાણ ॥૮॥
ભાઈ! સાહેબ નામે જીવ દીજીયે, તો સુખ ઘણેરારે થાએ;
હરિચંદ, તારાએ જીવ દીધા, તેના સાખ વેદ પુરાણે ગવાએ. ॥૯॥

ભાઈ! કરણી કહિયે પ્રેહલાદની,જેણે હોલીમાં સીંચાવ્યા અંગ;
થંભ માંહેથી હરિ પ્રગટયા,તેનાં શીતળ રાખ્યા પોતે અંગ.॥૧૦॥
ભાઈ! કરાણી જૂઓ પાંડવોની, જેણે હિમાલે ગળાવીરે કાએ;
એવી કરણી જો કરશો, તો સાહેબ લેશે સ્વર્ગું માંએ ॥૧૧॥
ભાઈ ! સતપંથે સાચા ચાલશો, તેના જીવ અમરાપુરમાં જાએ;
અમરાપુર તમો એમ પામશો. જો જીવતાં મૃતક થાઓ.॥૧૨॥
ભાઈ! કાચી કાયા છે તારી કારમી, તેને જાતાં નહિ લાગે વાર;
જેવું સ્વપનાતરનું પેખણું, તેવો આ છે સંસાર. ॥૧૩॥
અંધ ભાવે તને કાંઈનાં સૂજે, એ સાહેબ છે તુજ પાસ;
કામ, ક્રોધ મત્સર પરહરો, અને થાઓ સદ્ગોરજીનાં દાસ.॥ ૧૪॥
ગોર ઈમામનાં પ્રતાપથી, બોલે અહમદઅલી ગુલામ;
સદ્ગોરનાં કહ્યા જે કોઈ માનશે,તેનાં થાશે ઈક્રોતેરસોના કામ.॥૧૫॥

ગિરી ગિરવર સબ ઢુંડિયા, ઢુંડા સબ દેસ વિદેસ;
એહમદ રામ નાં પામીયે, બિન સદ્ગુરૂ ઉપદેશ.
તેજ પુજે સદગુરૂ મીલે, જેના છે ક્રુર સ્વભાવ;
સબ અંધારા મિટ ગયા, જો અહમદ દેખા ચાવ.

અનુક્રમણિકા,

ॐ

સત્પંથનું સ્વરૂપ.

(૧) ટેક, (૨) પ્રતિજ્ઞા, (૩) નિયમ.

(૧) સત્પંથીની ટેક.

(૧) સત્ય, (૨) પુરૂષાર્થ, (૩) પ્રેમ, (૪) સમાનભાવ, (૫) ક્ષમા.

(૨) સત્પંથીની પ્રતિજ્ઞા.

(૧) સત્પંથના સર્વ નિયમોનું શાન્તિએ સેવન કરવું. (૨) બાળકોને સત્પંથની કેળવણી અપાવવી, (૩) અંધ શ્રદ્ધાનો ત્યાગ કરવો.

(૩) સત્પંથીના નિયમ.

(૧) શરીર શુધ્ધી, (૨) હૃદય શુધી, (૩) વ્રત. (૪) ઉપાસના, (૫) ધ્યેય.

(૧) શરીર શુધ્ધી અર્થે, લાઈ, સુતક એટલે રજસ્વાલાથી મરણ પર્યંતના સ્નાનાદિ પ્રયોગો, શ્રી ઇમામગોરની આજ્ઞાનું કુળ ઉતરાવવા તથા પાળવા.

(૨) હૃદય શુધ્ધી અર્થે, માદક પદાર્થોનું ત્યાગ, (લશણ, ડુંગળી) હીંગ, તમાકુ, અફીણ, ગાંજો, ભાંગ, તાડી, ચડશ, મૌંસ, મદિરા. વ્યાજ, ગળી આદીને સર્વ પ્રકારે ત્યાગવા. શ્રી ઇમામગોરના વચનાનું કુળ.

(૩) વ્રત અર્થે, શુક્કરવારી બીજ અને દશાંશ. શ્રી ઇમામગોરની વાકયાનું સાર પાળવી અને દેવા.

(૪) ઉપાસના અર્થે, સંધ્યા ચારે વખતની, અને પુજા—ઘટ પાટાદિની ક્રીયા શ્રી ઈમામગોરની વાણી અનુકુળ કરવી.

(૫) ધ્યેય અર્થે, આજ પ્રચલિત સમયના ધ્યેય પુરૂષ, શ્રી નિષ્કલંકી નારાયણ, તેજ પરમ નિરંજનનું નુર (રૂપ) સમજી પુરી રીતે ઇમામગોરના વચના અનુકુળ માનવું.

નાદે અલી

(ઓ! મહંમદ!) બોલાવ અલીને, જે સર્વ સ્થાને નિત્ય નવિનતા (આશ્ચર્યતા) પ્રગટાવનાર છે. મેળવિશતું તેને મદદગાર પોતાના સારૂ શંકટોમાં અને સર્વ આપત્તીઓમાં એ દુઃખો ઓગળાવી વેહુવરાવી દેશે.

"આ મંત્ર ખ્યબરના યુદ્ધના સમયે વર્તમાનયુગના સદ્‌ગોર અહ્મા નબીમહંમદ સાહેબ ઉપર શ્રી પરમાત્મા તરફથી આવ્યો હતો." "ખ્યબર"ના રાજા 'અલ્કમાં:એ' સદ્‌ગોરજીનું જુજ લશ્કર! ને ખુલ્લો મયદાન! જોઈ હાંશી કરી, જેથા સદ્‌ગોરજીએ તેને કહ્યું કે! "પરમાત્માની આજ્ઞાથી ચાલીશ દિવસમાંજ આ ખ્યબર ઉપર ધર્મ ધ્વજ ઉડતો થઈ જશે."

આ બનાવને '૩૯' દિવસ વિતી ગયા, પણ ખ્યબર જીતાયું નહિ. જેથી '૪૦'માં દિવસે અલ્કમાં યુદ્ધ સમે ગઢની સફીલે આવી શ્રી સદ્‌ગોરજીની હાંશી કરીને કહ્યું? "ઓ મહંમદ! જો આજ ચાલીસમો દિવસ છે, તમોથી એક કાંકરો પણ લેવાગો નથી? માટે આવ્યા એવા પાછા ચાલ્યા જાવ!" નહિ તો એવા ભૂંડા હાલે મારીશ! કે તમારી સ્થીતી જોઈ જગતના તમામ જીવો જેન, જળના ને થળના તમારા હાલ ઉપર સર્વ રોશે!

સદ્‌ગોરજીએ ચેતવણીથી ચેતી, તુર્ત ઘોડા ઉપરથી ઉતરી, આસનિયું પાથરી પરમાત્માને અરદાસ કરે છે! કે જિબ્રઈલ (અ) હાજર થઇ ફર્માવ્યું! આ યુદ્ધનો વિજય શ્રી નિષ્કલંકી અલી સાહેબને નામે નિમાયુ છે. તેમને બોલાવો! સદ્‌ગોરજીએ વિનંતી કરી, ઓ સાહેબ! તું સર્વ જાણે છે, શ્રી અલી મદીનામાં છે. મદીના '૧૮' દિવસના માર્ગે દૂર છે. જિબ્રઈલે (અ.) ફરી હાજર થઈ વિનવ્યા,

કે તમો આ મંત્ર (નાદેઅલી) ત્રણવાર પઢો! એ પધારી વિજય વાવટો ફરકાવી દેશે.

શ્રી સહ્ગોરજીએ આ મંત્ર ભણવા માંડયો! ત્રણવાર ભણ્યા નહિ હોય! કે સમરાં ગણમાં શ્રી નિષ્કલંકી "અલી"નાં દર્શન થયા. તે સમયે શ્રી અલીનાં હાથમાં એજ ધ્વજ હતો! જે 'બદર'ના યુદ્ધના સમયે હતો. એ ધ્વજ ઉપર ચિત્ર ગરૂડનો હતો.

---

૧ શ્રી વિષ્ણુનો ધ્વજ ગરૂડના ચિત્રવાળુંજ હોય છે. એ સનાતન નિયમ છે. ધ્વજ, શસ્ત્ર, અસ્ત્ર સર્વ શ્રી કૃષ્ણના શ્રી હરિવંશે વંશે આવીજ રહ્યાતા.

શ્રી સહ્ગોર ઇમામશાહ બાવાએ પણ કળશ ઉપરથી અક્ષત ઉતારવાના મંત્રમાં શ્રી હરી નરમહંમદશા બાવાને સંબોધી "ગરૂડ–ધ્વજ" ફર્માવ્યું છે.

એ ધ્વજોને એ શસ્ત્રો, અસ્ત્રો, આવતા. વંશે હી. સં.આ સમયે હઝરત ઇમામ અઝીઝ બિલ્લાહના સમયે એ ધ્વજોના ખજાનામાં આગ લાગવાથી એમાં કેટલાક ધ્વજોનો અંત આવ્યો હતો.
ફાતેમી દઅવતની તવારીખ પા. ૧૪૫.

શ્રીયોગવાણીનાજ્ઞાન

શ્રી યોગ વાણી જ્ઞાન, ૧.

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા

ધર્તિ ના હુતી જ્યારે અસ્માન ના હુતા
ત્યારે સૃષ્ટી સંજોગ નોહોતા કોઈ;
પર્થમ યોગ કેસ મુલ વખાણુ,
તો પ્રેમ તત્વ સોહી. ૨ યોગશ્વરો-
યોગ સંયોગ ગ્રહી રહિયે. ।।ટેક।।

આવા ગમનના જે ઘર હોયે નિમેડા,
લક્ષ ચોરાસી ખાણુના જે ઘર હોય છુટકારા,
તો સોહી પરમેશ્વર કહિયે. રે યોગેશ્વરો–
યોગ સંયાંગ ગ્રહી રહિયે. ॥૧॥

પ્રથમ ધંધુકાર જો હૂતા.
અને તેજ સ્વરૂપી બ્રહ્મા કાવ્યા;
તેજ મધે અબધુ ધ્યાન ધરીને,
ત્યારે પ્રથમ હેત ઉપાયા. રે યોગેશ્વરો–
યોગ સંયોગ ગ્રહી રહિયે. ॥૨॥

હેત ધરીને ધંધુકાર જો કીધા,
ઉસ ભીતર નીલ ઉપાયા;
નીલ મધેથી અબધુ ફીણુજો સૂજ્યા,
તો તીસ ભીતર ખીર નીપાયા. રે યોગેશ્વરા–
યોગ સંયોગ ગ્રહી રહિયે. ॥૩॥

ઉત્તપત્ એક સ્વામીયે ઈંડ નીપાયા,
તીસ માંહે સ્વામીએ પવન સમાયા;
યોગેશ્વર હુતા તે તો ધ્યાનમાંહે લાગ્યા,
સો એણીપેરે યોગ કમાયા. રે યોગશ્વરો–
યોગ સંયોગ ગ્રહી રહિયે. ॥૪॥
ગગનમંડલ માંહે નાથજીનુંઆશણભણિયે,
ત્યાં અન્નત મૂર્તકા હે મેલા;
તે ગોર બ્રહ્માની નગરી માંહે સેવા શું ખેલે,
તે પાત્ર નિષ્કલંકી ના ચેલા. રે યોગશ્વરો–
યોગ સંયોગ ગ્રહી રહિયે. ॥૫॥
તે માંહે ઉત્તપત બ્રહ્માને ઉત્તપત વિષ્ણુ,
તો દેવ માહેશ્વર સોહી;
ત્રણ મૂર્ત એક જયોતિ શું ખેલે,
તેને જાણેજ વિર્લા કોઈ. રે યોગશ્વરો–
યોગ સંયોગ ગ્રહી રહિયે. ॥૬॥

વેદ કથી કથી બ્રહ્માજી રહ્યા,
અને વિષ્ણુએ મેલી માયા;
ધ્યાન ધરી ધરી બેઠા માહેશ્વર,
તો એ પરિબ્રહ્મકા પાર ના પાયા. રે યોગેશ્વરો–
યોગ સંયોગ ગ્રહી રહિયે. ।।૭।।

એકાંતિક સેવા તે અગમ ગમેવા,
મન વાયક જ્યોતિ શું ખેલે;
અમર ભેદ પ્રમાણો યોગેશ્વર,
તો ટલે જીવના જોખમી હેવા. રે યોગેશ્વરો–
યોગ સંયોગ ગ્રહી રહિયે. ।।૮।।

ભણે સદ્ગોર બ્રહ્મા પાત્ર ઈન્દ્ર ઈમામશાહ,
આ સત્પંથ આદિ નીપાયા;
સદ્ગોર પ્રસાદે જે ઋષિ વરે વર પાયા;
તેની અમર હોશે કાયા. રે યોગેશ્વરો–

પણ ચોગ સંચોગ ગ્રહી રહિયે. ॥૯॥

આવા ગમનના જે ઘર હોયે નિમેડા,
લક્ષ ચોર્યાશી ખાણુના હોયે છુટકારા,
સોહી પ્રમેશ્વર કહિયે. રે યોગશ્વરો–
યોગ સંચોગ ગ્રહી રહિયે. ॥૧૦॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૨.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચાં.

પ્રથમ ધંધુકાર જ હૂતા,
ધ્યાન ધરી ધરી પ્રથમ હેત નીપાયા;
તેજ મધે સ્વામી આપે આવ્યા,
તો તેજ માહે સર્વે સૃજાયા રે યોગેશ્વરો!
યોગ માર્ગે યુક્તિયે ચાલો જોઈ ।।૧।।

અખંડ આશાણુ દેવે દેહીમા સૃજ્યા
ત્યારે બંબ મદ્ધે રૂપ વર્ત્યા;
મંડળ મધે જયારે મન પ્રકાશ્યું,
ત્યારે પિંડને રૂહ સર્વે સૃજયા. રે યોગેશ્વરો!
યોગ માર્ગે યુક્તિયે ચાલો જોઈ. ।।૨।।

શબ્દના ભેદ ત્યારે સમજીને રહ્યા,
ત્યાં શિગુંણને નિર્ગુણ સર્વે સૂજયા;
કમલ પ્રકાશી ધ્યાન ધરિયો,
ત્યારે ભેદ અભેદ બેઉ વર્ત્યા. રે યોગેશ્વરો!
યોગ માર્ગે યુક્તિયે ચાલો જોઈ. ॥૩॥
યોગી પ્રત્યે સદ્દગુરુ ભણિયા,
ત્યારે દેવને પૂજી દશાંશ આલી;
ઈન્દ્ર ઈમમા શાહે યોગ સમજાવ્યા,
ત્યારેયોગિયોએયોગમેલ્યાઉથાપી. રે યોગેશ્વરો!
યોગ માર્ગે યુક્તિયે ચાલો જોઈ. ॥૪॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૩.

—o—

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

—o—

પ્રાણ સૂજીને સ્વામિયે પિંડ નીપાયા,
પ્રાણ તણી એ છે કાયા;
કાયા મધે અબધુ કર્મ જો મેલ્યું,
તો રક્ષા માંહે સર્વ સમાયા. રે યોગેશ્વરો–
    યોગ યોગેશ્વર કમાવો. ॥૧॥

યોગેશ્વર તે જે કોઈના જીવને ઓધારે,
અને જરણ મરણનાં સાંસાં ટાલે;
વૈકુંઠની વાટમાં ઉભો જો રહિને,
નર્કે જાતાં જીવને વ્હારે. રે યોગેશ્વરો–
    યોગે યોગેશ્વર કમાવો. ॥૨॥

ધ્યાન ધરી ધરી ધંધુકાર જો દેખે,
અને જરણુ મરણુને રાખે લેખે;
નિગમને જાણી અગમ પીછાણે,
સુન કલા માંહે સર્વે દેખે. રે યોગશ્વરો–
યોગ યોગેશ્વર કમાવો. ॥૩॥

આશન રાખીને સ્થળ પૂજાએ,
એણી યુક્તિયે જીવોનાં તારણુ સોહી;
ભણે પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ
યોગેશ્વર પૂરા,
તેને હાજર મિજલસમાં લેજો જોઈ.
રે યોગશ્વરો–
યોગ યોગેશ્વર કમાવો. ॥૪॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૪.

શ્રી સદગોર બ્રહ્મા વાચા.

વેદ વિચારીને ગોર નરને સેવો,
સત્ય કરીને તેમને સોં ચો;
સત્પંથ માંહે સુધા જો રહિને
પિંડ પોતાનું ખોજો. રે યોગેશ્વરો–
યોગની યુક્તિ જાણે સો નર યોગી. ॥૧॥

આજના ભૂલ્યા નર તે પ્રલ્ય જાશે,
અમને સત્યપંથે આદ્ય પ્રમાણો;
ભણે ગુરૂ ઈમામશાહ સુણો યોગેશ્વર,
પિંડ બ્રહ્માંડમાં અમને પીછાણો. રે યોગેશ્વરો !
યોગની યુક્તિ જાણે સો નર યોગી. ॥૨॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન ૫.

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા.

ચોગ તત્વ કેરા ભેદ વખાણો,
તે સાંભળો ચોગેશ્વર જાણી;
આદે ઉનાદે નર ચોગી જો હૂતા,
તેને જાણે સો સાચા નર જાણો. રે યોગેશ્વરો!
ચોગના ભેદ દોહેલા. ાા૧ાા

આપ સંભાળીને સેવા જો કીજે,
તો આશણ ધારણે 'નીવેડા;
ચોગ તણા જોને નિવેડા હૂતા,
તેણે લીધા માયા તણા કેડા. રે યોગેશ્વરો!
ચોગનાં ભેદ દોહેલા. ાા૨ાા

યોગી તે જે યુક્તિને જાણે,
અનંત પ્રકારે યોગને સંભાલે;
કાયા માયા જે દુનિયાં મા બાલે,
તો ક્રિયામાં યોગને સંભાળે. રે યોગેશ્વરો !
યોગના ભેદ દોહેલા. ॥૩॥

યોગી તે જે યુક્તિને જાણે,
યોગ મંત્ર ને બાંધે;
ભણે ગોર ઈમામશાહ સાંભલો યોગી,
વેદ મંત્રે યોગ સાધે. રે યોગેશ્વરો !
યોગના ભેદ દોહેલા. ॥૪॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન ૬.

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા.

આદે ઉનાદે જોને સદ્ગોરે સૃજ્યા,
ત્રણ મૂર્ત ત્યારે સૃજી;
ત્રણ મૂર્ત એક જ્યોતિ શું ખેલે,
તે આદે ઉનાદે લેજો જોઈ. રે યોગેશ્વરો !

યોગ નામર્મ કોઈનાં જાણે. ॥૧॥

આ સત્પંથ મધે સદ્ગોર આવ્યા,
અને સત્યને સંતોષ બેઉ લાવ્યા;
ધર્મ પ્રકાશીને પાપ પ્રજાલ્યા,
તો સૃષ્ટિ તણા ગોર કાવ્યા. રે યોગેશ્વરો–

યોગના મર્મ કોઈ ના જાણે. ॥૨॥

ગોરના કાંકણુ બંધાવીને પાવલ પીધા,
તે જીવ ચારે ખાણીથી છૂટચા;
દુનિયાના જીવ તે તો દુનિયા શું લાગ્યા,
તે સત્ય પંથ માંહેથી ફૂટચા. રે યોગેશ્વરો–
યોગના મર્મ કોઈનાં જાણે. ।।૩।।
ઋષિવર તે જે કોઈ રત્ન પીછાણે,
અને કાચની ઓરત ને તજે,
સત્ય પંથ વાટે ધ્યાન ધરીને.
અલખ પુરૂષને ભજે. રે યોગેશ્વરો–
યોગના મર્મ કોઈ નાં જાણે. ।।૪।।
વિષ્ણુને ઓળખીને પાત્રને પૂજે,
અને મેલે દુનિયાની આશા,
જાંબુદ્વીપના પુરૂષનું ધ્યાન જો રાખે,
તેને હોસે અમરા પુરના વાશા. રે યોગેશ્વરો–
યોગના મર્મ કોઈનાં જાણે. ।।૫।।

આદ્ય પુરૂષ જોને સત્પંથમાં આવ્યા,
સોહી યોગી ઋષિવરને પાયા;
ભણે પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ અમે
આદે છું યોગી.
અમને મલે અમર થાએ કાયા. રે યોગેશ્વરો-
યોગના મર્મ કોઈના જાણે. ॥૬॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન ૭

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

સુન મધે જોને બંબજો હુતા,
અને તેજ માંહે બંબ ઉપાયા;
યોગ મધે જોને એક ઈંડ નીપાયા,
તે ઈંડ મધે બાંધી હરિયે કાયા. રે યોગેશ્વરો-
તો યોગની યુક્તિ અનેરી. ॥૧॥
ઈંડ છેદી ને હરિયે હેત ઉપાયા,
તે હેત શું કીધો વિસ્તાર;
ઈંડમધેથી નરાકાર ઉપન્યા,
ત્યાં મૂર્ત સૂજી ચાર, રે યોગેશ્વરો!
તો યોગની યુક્તિ અનેરી ॥૨॥

હેત ધરિને દેવે જુગત નીપાઈ,
આતેજ થકી સર્વ કમાઈ;
સત્ય સંતોષે ત્રણદેવ જો રહ્યા,
તો ઓંમકારશબ્દે સૃષ્ટિ નીપાઈ. રે યોગેશ્વરો-
તો યોગની યુક્તિ અનેરી. ॥૩॥

આદે ઉનાદે જોને ઓંમકાર ભણિયે,
બ્રહ્મા વિષ્ણુ માહેશ્વર ભણિયા;
શક્તિ થકી સર્વ સૃષ્ટિ નિપાઈ,
તો યે કને રહ્યા સર્વ દેવ. રે યોગેશ્વરો-
તો યોગ નીયુક્તિ અનેરી ॥૪॥

સુન મધે જોને શબ્દ ઉપના,
અને શબ્દથી સર્વે ઉપાયા;
ભણે પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ,
તો તેજ માંહે તેજ સમાયા. રે યોગેશ્વરો-
તો યોગની યુક્તિ અનેરી. ॥૫॥

ॐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૮

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

હેત ધરી ધરી ફીણ જો કીયા,
ફીણ થકી ઈંડ નીપાયા;
તે ઈંડ મધે સર્વ રચના કીધી,
ત્યારે સૃજી તે પિંડ ને કાયા. રે યોગેશ્વરો–
યોગી તે ધ્યાન માંહે રહ્યા. ॥૧॥

આદ્ય નિરંજને ઈચ્છા જો કીધી,
પ્રથમ યોગના મૂળ નિપાયા,
તે યોગ મધે યોગિશ્વર રહીને,
તે પિંડ સાથે મેલી છે માયા. રે યોગેશ્વરો–
યોગી તે ધ્યાન માંહે રહ્યા. ॥૨॥

કાયાને માયા બેઉ યુગલ સૂજ્યા,
તેજ મધે યોગ સમાયા;
યોગ માંહેથી દેવે યુક્તિ જો સૂજી,
માંહે ત્રણુ તત્વ અલોપજ રહ્યા, રે યોગેશ્વરો–
યોગી તે ધ્યાન માંહે રહ્યા. ॥૩॥
તે તત્વ માંહેથી ત્રણુ ગુણુ જો સૂજ્યા,
તે યોગીએ તેજ માંહે મેલ્યા;
આદ મધેથી જોને શબ્દ જો થયા,
શબ્દેથી તેજ સર્વે ખેલ્યા. રે યોગેશ્વરો–
યોગી તે ધ્યાન માંહે રહ્યા. ॥૪॥
ત્રણુ ગુણુ થકી એક નારી જો સૂજી,
તે નારીથી સર્વે ગુણુ હુવા;
ત્રણુ ગુણુ થકી જે અલગા રહ્યા,
તે કર્યા આદ નિરંજને જુવા. રે યોગેશ્વરો–
યોગી તે ધ્યાન માંહે રહ્યા ॥૫॥

નાથ અનાથ જોને એણી પેરે હુવા,
તો તે બેહુ તેજના છે મેલા;
ભણે પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ
આશણુ જોયા,
એ નાથ અનાથ ના ચેલા. રે યોગેશ્વરો–
યોગી તે ધ્યાન માંહે રહ્યા. ॥૬॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૯.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

હેત ધરીને વિમુખ ફરીયા,
તેને નિશ્ચે ફોગટ ફેરા મલસે;
પાપના પડદા પિંડ ઉપર ફરિયા,
ફર્માની હોશો તો ફેરા ટલશે. રે યોગશ્વરો–
યોગેશ્વર યુગમાં જીવણા થોડા. ॥૧॥

આપ વિચારો ને પાપને વારો,
નહિ તો પિંડ પ્રાણુ ના પડશે વૅરા;
જીવની જયોતિ જેવા નિર્મલ મોતી,
નિરંજ઼ ઘર થાસે વાસો સવેરા. રે યોગશ્વરો–
યોગેશ્વર યુગમાં જીવણા થોડા. ॥૨॥

પાંચ ને મારે મારી એક કરી જાણે,
પણ સૂર્ય ઉગે સંઘરામ થાશે;

સોળ કળા લેઈ સૂર્યજ તપશે,
લેખાં થાશે જીવનાં સાંઈયાં પાશે. રે યોગેશ્વરો-
યોગેશ્વર યુગમાં જીવણા થોડા. ॥૩॥

બ્રાહ્મણ યોગી ને સેવડા સન્યાસી,
તે શું જાણે કલા હમારી ?

અનંત પ્રકારે અમે કળા કીધી,
દેવના દેવ અમે યોગ કળા સાધી. રે યોગેશ્વરો
યોગેશ્વર યુગમાં જીવણા થોડા. ॥૪॥

નવ માસ માતા એ ઉદર માંહે રાખ્યા,
તેનીએ તમે શુધ્ધ ના જાણી;
એમ બોલ્યા ઈમામશાહ તમે શુણો યોગી

તમે તજો સંસારના મીઠા પાણી. રે યોગેશ્વરો–
યોગેશ્વર યુગમાં જીવણા થોડા. ।।૫।।

આરે સંસાર લહેર સમુદ્રની કહિયે,
શુધા હશે તે ઉતરશે પાર;
અથર્વ વેદ પ્રમાણી સ્વામીને સેવો,
તો નિશ્ચે ભવનો લેસો પાર. રે યોગેશ્વરો!
યોગેશ્વર યુગમાં જીવણા થોડા. ।।૬।।

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૧૦

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

ઓંમકાર મધે ધ્યાન ધરીને,
ધંધુકાર જો ર ચિ યા;
ધ્યાન માંહેથી યોગજો સૂજા,
યોગ માંહેથી નીપની કાયા. રે યોગેશ્વરો !
યોગની યુક્તિ ન્યારી. ॥૧॥

આદિ યોગેશ્વરે યોગિ પાયા,
અને યોગિથી સૃજી માયા;
આદે ઉપન્યા તે અંતે સમાયા,
તે ધરશે નુરાની કાયા. રે યોગેશ્વરો !
યોગની યુક્તિ ન્યારી. ॥૨॥

ત્રણે મૂર્ત આદે યોગ માંહેથો સૂજી,
ત્યાં શક્તિએ સૂજી માયા;
યોગી હતા તે ધ્યાન માંહે રહ્યા,
ત્યાં યોગિયે યોગ કમાયા. રે યોગેશ્વરો-
યોગની યુક્તિ ન્યારી. ॥૩॥
ધ્યાન મધે સર્વે માયા સૂજી,
અને માયા માંહે યોગ સમાયા;
કાયા ને માયા બેહુ યુગલ સૂજયા,
ત્યારે યુગલ માંહે યોગ જો ઉપાયા.રે યોગેશ્વરો-
યોગની યુક્તિ ન્યારી. ॥૪॥
પ્રથમ યોગી ધ્યાન માંહે બેઠા,
અને નિરંજન રહ્યા એકેલા;
ભાણે પાત્ર બ્રહ્મા ઈન્દ્રઈમામશાહ યોગ કમાયા,
તે અનાથ ધરકા એ ચેલા. રે યોગેશ્વરો-
યોગની યુક્તિ ન્યારી. ॥૫॥

ૐ

શ્રી યોંગ વાણી, જ્ઞાન, ૧

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

આદ નાં હૂતા ઉનાદ નાં હૂતા,
ન હૂતા અક્ષરા અતિત;
શબ્દા અતિત તે યોગમાંહે રહેતા,
પછી કર્યો તે ઓંમકારાતિ. રે યોગેશ્વરે
યોગની રીત અનેરી. ।।૧

તેજ ન હૂતા પુંજ ન હૂતા,
ત્યારે હૂતા તેજ્ઞબંબ સ્વરૂપ;
ત્રણ યુગ સૂજા ત્યારે બંબ માં રહ્યા છુપા
તે માંહે ધ્યાન ધરિયા અરૂપ. રે યોગેશ્વરે
યોગની રીત અનેરી. ।।૨।।

તેજ ન હૂતા ત્યારે કયાં થકી સૃજી ?
તો પંજર વિના કેમ કરી નીપાયું ?
યુક્તિ વિનાં યોગ કેમ કરી સૃજા ?
જયોતિ વિના કયાંથી સૃજાયુ ? રે યોગેશ્વરો–
યોગની રીત અનેરી. ।।૩।।
ધામ મધે જોને ધ્યાન ધરીને,
તો નિરંજન મધે નિરાકાર;
બંબ રૂપ માં હે બંધ જો હૂતા,
પછી કીધો ઓંમ ૐકાર. રે યોગેશ્વરો–
યોગની રીત અનેરી. ।।૪।।
ઓંમ મધે જોને આશણુ જો ઉપના,
તો અતિત આદ અ[illegible] સૃજા;
ઈંડ મધે જોને ધ્યાન ધરીને,
ભેદ વેદ સર્વે સૃજા. રે યોગેશ્વરો–
યોગની રીત અનેરી. ।।૫।।

શબ્દ શુણી યોગી પાએ જો લાગ્યા,
આપી દશાંશ ને ગોર પરમાણ્યા;
ધામ નિજ ધામ તણા ગુણ ગ્રહ્યા,
કહે પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ
પીછાણ્યા. રે યોગેશ્વરો-
યોગની રીત અનેરી. ॥૬॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૧૨.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

બંબ ન હૂતા ત્યારે બ્રહ્મા ન હૂતા,
ત્યારે બંબ માંહે બંબ સમાયા;
આદેથી ઉપન્યા તે અંતે સમાયા,
તેમણે બાંધી નુરાની કાયા. રે યોગેશ્વરો–
યુક્તિ વિના મૂક્તિ ના હોએ. ॥૧॥

આશણ વર્તીને યુક્તિ નીપુરતી,
સૂજયા યોગીને યુક્તિયે ધાયા;
તે યોગી યુગ મદ્ધે પ્રત્યક્ષ બેઠા,
જેણે ચૌદ ભૂવન રચાયા. રે યોગેશ્વરો!
યુક્તિ વિના મૂક્તિ ના હોએ. ॥૨॥

કાલે ક્રોધે કાન જો થાએ,
બંબ વિસ્તારીને બંધ જો કીધા;
બંબ વિસ્તારીને બ્રહ્મ નીપાયા,
તિસમાં તેજ પ્રકાશ દીધા. રે યોગેશ્વરો!
યુક્તિ વિના મુક્તિ ના હોએ. ॥૩॥
બંબ માંહે તેજ સમાયા,
યુક્તિ વિના મુક્તિ નાં હોઈ;
ઈશ્વર ન ઓળખે તે યોગને વળગે,
સીંગી ફૂંકેથી શું હોય? રે યોગેશ્વરો-
યુક્તિ વિના મુક્તિ ના હોએ. ॥૪॥
કરણીયે કાયા ને કૂડી છે વાચા,
તે પડ્યા શૂન્કારે જાયે;
બ્રહ્માના ભેદ તે પૂજો ઉપવેદ,
આગે જીવનો અરથજ થાયે. રે યોગેશ્વરો-
યુક્તિ વિના મુક્તિ ના હોએ. ॥૫॥

સુન કલા મધે ધ્યાન ધરિને,
નીપાયા ધર્મ ને પાપ,
કર્મ ટાલી જેણે ધર્મ પ્રકાશ્યા.
એણે કુળ ઓધાર્યા માઈ ને બાપ. રે યોગેશ્વરો-
યુક્તિ વિના મૂક્તિ ના હોયે. ॥૬॥
જેણે સત્પંથ ના સેવ્યા તે પારાધી જેવા;
તે પડશે સેહેસ્ત્ર પચાસને ઠાએ;
માગી ખાવું ને તિર્થે નાહવું,
જેમ માછલી છે પાણીની માંહે. રે યોગેશ્વરો
યુક્તિ વિના મૂક્તિ ના હોયે. ॥૭॥
યુક્તિ વિના યોગી જન્મ જો ખોયા,
પણ મરણા જીવણા જીવનની સાથે;
કલવારે નરઅલી મહંમદશાહને શેવો,
શુદ્ધ બુદ્ધ તે સ્વામી ને હાથે. રે યોગેશ્વરો—
યુક્તિ વિના મૂક્તિ ના હોયે. ॥૮॥

યુક્તિ જાણોને અમને પીછાણો,
તે કળા ધરિને કલિ માંહે ખેલ્યા;

ભણે ગુરૂ ઈમામશાહ શુણો મારા યોગી
તમને હાજર હમે મલિયા. ૨ યોગેશ્વરો–
યુક્તિ વિના મૂક્તિ ના હોએ. ॥૯॥

ૐ

શ્રી યોગ વાણી,જ્ઞાન,૧૩.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

આદ્દે ઉનાદ્દે ઓંમકાર ઉપન્યા,
ત્યારે શબ્દ માંહે સર્વ સમાયા;
આદથી ઉપન્યા તે અંતે સમાયા
તો તેજ મધે બાંધી હરિયે કાયા. રે યોગેશ્વરો–
તો યોગના માર્ગના જાણે કોઈ. ॥૧॥

યોગી તે જે યુક્તિજ જાણે,
શબ્દ તણો લાવે જ્ઞાન;
ગગન માંહે સાધી મંડલ પ્રકાશે,
તે સૂરત મધે રાખે ધ્યાન. રે યોગેશ્વરો–
તો યોગના મર્મના જાણે કોઈ. ॥૨॥

સંધને જાણે ને શબ્દને ઓળખે,
અને યોગની ક્રિયાને સાધે;
અગ્નિ પ્રકાશીને વાનો પ્રજાલે,
ગગન પાતાલે શૂર્તા બાંધે. રે યોગેશ્વરો
તો યોગના મર્મના જાણે કોઈ. ॥૩॥

તાલ તમાસા બેઉ જો ડી પ્રકાશે,
સંધ તણી ક્રિયા જાણી;
ઈન્દ્ર ઈમામશાહે ઉપદેશ દીધા,
તો યોગિયે યુક્તિ પ્રમાણી. રે યોગેશ્વરો-
તો યોગના મર્મનાં જાણે કોઈ. ॥૪॥

ॐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૧૪.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

આદ ઉનાદ અમો હુતારે એકેલા,
ત્યારે શબ્દથી કર્તા મેલા;
ધ્યાન મધે જ્યારે ધુંધલ પ્રકાશ્યા,
ઉનાદ પુરૂષથી અમે ખેલ્યા. રે યોગેશ્વરો-
યોગ વિના યુક્તિનાં હોયે. ॥૧॥
ધંધુકાર મંધે ધ્યાન ધરીને,
તેજ મધે હેત ઉપાયા;
ખેંગાલ ભૂગલનાં જે હતા યોગી,
તો ખગોલ ભૂગોળ બેઉ સંધાયા. રે યોગેશ્વરો!
યોગ વિના યુક્તિ નાં હોયે. ॥૨॥
ત્રણ પ્રકાશે ત્રણ મૂર્ત સૃજી,
દશે કળા દેવે વર્તિ:

દશ કળામાં દશ આશાન સૂજ્યા.
દશમે મૂકામે લીધી સૂર્તિ. રે યોગશ્વરો.–
યોગ વિના યુક્તિ નાં હોયે. ॥૩॥

નાથ અનાથ થઇને યુગ સૂજ્યા,
યોગ પ્રસાદે બોલ સૂજ્યા;
પીંડ બ્રહ્માંડ જેણે સુર્તિમાં લીધા,
તો સર્વ પિંડ માંહેથી સૂજ્યા રે યોગશ્વરો
યોગ વિના યુક્તિ ના હોય. ॥૪॥

સદ્ગોર બ્રહ્માને ઓળખીને ધાઓ,
જેણે પિંડ બ્રહ્માંડ જોને સૂજ્યા;
ભણે પાત્ર ઈમામશાહે સત્પંથ સૂજા,
તે આદ ઉનાદના છે પુરા રે યોગશ્વરો–
યોગ વિના યુક્તિ નાં હોયે ॥૫॥

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૧૫.

—o—

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા.

—o—

બ્રંબ ન હૂતા ત્યારે ખીર ના હૂતા,
ખીર બ્રંબ માંહિ સમાયા;
આદેથી ઉપન્યા તે અંતે સમાયા,
તેણે બાંધી નુરાની કાયા. રે યોગેશ્વરો–
યુક્તિના ભેદ વિના મુક્તિ નાં હોયે.॥૧॥

યુક્તિ ને જાણે ને વેદ પ્રમાણે,
તિસ્મદ્ધેથી યોગ નીપાયા;
આશણ વૃત્તિને યુક્તિ જો સૂજી,
તે યુક્તિયે તે યોગને ધાયા. રે યોગેશ્વરો–
યુક્તિના ભેદ વિના મૂક્તિ નાં હોયે.॥૨॥

બંબ રૂપ માંહે બંધ જો હોતા,
ત્યારે ત્યાં હેત શું તેજ બંધાયા;
નિરંજન નારાયણે ધ્યાન ધરીને,
હેત થકી ઇંડ નિપાયા. રે યોગેશ્વરો–
યુક્તિના ભેદ વિના મુક્તિ ના હોયે. ॥૩

નુર વિસ્તારીને બંબ નીપાયા,
તો બંબ માંહે તેજ સમાયા;
આદિ યોગેશ્વરે જયારે ધ્યાન જો ધરિયું,
ત્યારે હેત ધરી ઇંડ નીપાયા. રે યોગેશ્વરો–
યુક્તિનાં ભેદ વિના મુક્તિ નાં હોયે. ॥૪

સુન્કાર મધે ધ્યાન ધરીને,
ધર્મ કર્મ બેઉ નિપાયા;
ઈમામશાહ કહે અમે આદ્દ છું યોગી,
અમારા તેજ માંહે સર્વે સમાયા. રે યોગેશ્વ
યુક્તિનાં ભેદ વિના મૂક્તિ ન હોયે. ॥૫

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૧૬.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

આદ્દ યોગી તેનું ધ્યાન છે મોટું,
અને ચેલા તણી સર્વે એ માયા;
કામ થકી યોગીની કાયા ઉપની,
તો પિંડ માંહે યોગ સમાયા. રે યોગેશ્વરો–
યોગ તણા આશણ દોહેલા. ॥૧॥
શબ્દ થકી જોને સૌ નીપાયું,
તો એ વસ્તુ રહી છે ન્યારી;
શકિત એ તેની સેવા જો કીધી,
તેને ત્રણે દેવ રહ્યા ઘેરી. રે યોગેશ્વરો–
યોગ તણા આશણ દોહેલા. ॥૨॥

એણી પેરે નાથ યોગી જો ઉપન્યા,
અનાથ સેવાએ આવ્યા;
નાથ અનાથ બેઉ યુગનો સંગમ,
ત્યાં સૃષ્ટિ સંયોગ બેઉ લાવ્યા. રે યોગશ્વરો-
યોગ તણા આશણ દોહેલા. ॥૩॥
હેત થકી જોને શબ્દ ઉપન્યા,
તેજ મધે સર્વે સમાયા;
ત્રણ મૂર્તે યુક્તિ જો જાણી,
તો એ નાથ યોગિયે પાયા. રે યોગશ્વરો-
યોગ તણા આશણ દોહેલા. ॥૪॥
પ્રથમ હુતા તે અંતે જો ઉપન્યા,
તો આદે અંતે યેહ યોગ કમાયા;
ઈંદ્ર ઈમામ શાહે સેવા દેખાડી,
તો નાથ તણી શુદ્ધ પાયા. રે યોગશ્વરો-
યોગ તણા આશણ દોહેલા. ॥૫॥

ॐ

શ્રી યોગ વાણી, જ્ઞાન,૧૭.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

સુન મધે જ્યારે સેવા હોજાગી,
ત્યારે શબ્દ થકી તેજ ઉપાયા;
તેજ મધે જોને શબ્દ સમાયા,
ત્યારે શબ્દ થી તેજ ઉપાયા. રે યોગેશ્વરો–
તો યોગ નાં ભેદ અનેરા. ॥૧॥
જ્યોતિ થકી જોને યોગી નીમાયા,
યુક્તિ થકીં જ્યોતિ નીપાઈ;
તેજ માંહેથી ત્રણ તત્વ સર્જ્યાં,
યોગ નાં માંહેથી સર્વે લીધા. રે –
તો યોગ નાં ભેદ અનેરા. ॥૨॥

કરણુ માંહેથી કલાઓ સર્વે જાગી,
ત્યારે સુન ચકર દેવે સાધ્યા;
તેજ કલા માંહેથી યોગ પ્રકાશ્યા,
ત્રણુ તત્વનાં ભેદ દેવે બાંધ્યા. રે યોગેશ્વરો-
તો યોગ નાં ભેદ અનેરા. ॥૩॥
અનંત યુગયોગ પહેલાં અમે કમાયા,
અનંત વિષ્ણુ અમે નીપાયા;
અનેક બ્રહ્મા અમે આગળ સૃન્યા,
શિવ ને નારાયણુ અમે સૃન્યા. રે યોગેશ્વરો-
તો યોગ નાં ભેદ અનેરા. ॥૪॥
બ્રહ્મ કુંડ માંહે ભરમ પરજાલ્યું,
પણુ બ્રહ્મના ભેદ અનેરા;
દિપક જ્યોતિ તે તે માંહે સમાઈ,
તીસ કારણુ નાખ્યા ફેરા, રે યોગેશ્વરો-
તો યોગ નાં ભેદ અનેરા ॥૫॥

યોગ માંહેથી યોગી ઉપન્યા,
તો યોગેથી સર્વે નીપાયા;
આદ નિરંજન તે યોગીનાં ચેલા,
તે યોગી અમ માંહે સમાયા. રે યોગેશ્વરો-
તો યોગ નાં ભેદ અનેરા. ॥૬॥

યોગ તત્વનાં ભેદ વખાણું,
અનંત યોગી કેરા મેલા;
ભણે પાત્ર બ્રહ્મા ઈન્દ્રિ ઈમામ શાહ
કહે અમે ભભુત માંહે સૂન્યા,
અમે આદે યોગેશ્વર એકેલા. રે યોગેશ્વરો-
તો યોગ ના ભેદ અનેરા. ॥૭॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૧૮

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા.

પ્રથમ હેતથી તેજ ઉપાયા,
હેતને તેજ બેહુ યુગલ શું ધ્યાના;
તેજથી હેત ઉપાયા,
તો બેહુ માંહે બેહુ સમાયા. રે યોગેશ્વરો–
અનાથે નાથજો સૂજ્યા. ॥૧॥
આદિ નાથથી નાથ યોગેશ્વર,
તે વેદ થકી શુદ્ધ પાઈ;
ભેદ માંહે વેદવશે અપરંમપાર,
એણી પેરે બેઉ સમાઈ. રે યોગેશ્વરો–
અનાથે નાથજો સૂજ્યા. ॥૨॥

આદિ યોગેશ્વરે ઈંડ નીમાયું,
તો તે માંહે તેજ સમાયા;
છેદન કરીને ઉત્પત સૃજી,
નુર માંહે નુર સમાયા. રે યોગેશ્વરો!
અનાથે નાથજો સૃજ્યા. ॥૩॥
માયા પ્રકાશીને દેવજો કાઢ્યા,
ત્રણ ટોળ ત્યારે સૃજ્યા;
શબ્દ કારણ વાચા જો કીધી,
તો આદિ અંતે બેહુ આવ્યા. રે યોગેશ્વરો–
અનાથે નાથજો સૃજ્યા. ॥૪॥
નિરંજન નામનુ આશણ ભણિયે,
સત્ય સૃષ્ટિ ના સદ્ગોર સાંઈ;
ભાણે પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામ
શાહે એ સેવા દેખાડી,
તો એ નાથ તણી શુદ્ધ પાઈ. રે યોગેશ્વરો!
અનાથે નાથજો સૃજ્યા. ॥૫॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાનં. ૧૯

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

ધામ સ્વરૂપિ નિરંજન ભણિયે,
ત્રણે મૂર્ત એક કિર્તાર;
ગગન માંહે આશાણુ ભણિયે,
હમે અંતર ધરિયા ધ્યાન. રે યોગેશ્વરો!
તો યોગ યોગેશ્વર કમાઓ ।।૧।।

ધ્યાન ધરી ધરી માહેશ્વર યોગી,
જેણે પિંડને બ્રહ્માંડ બેહુ કીધા;
મુંડ મુંડાયે મોક્ષ નાં પાઈયેં,
તેણે નર્કના માર્ગ લીધા. રે યોગેશ્વરો–
તો યોગ યોગેશ્વર કમાઓ. ।।૨।।

સત્પંથ ન સૂજે તે મર્મ નહિ બુજે,
તેની આશા તૃષ્ણા નાં મૂઈ;
ઈંડ માંહેથી અઢારે આલમ સૃજયા,
ઈંડ બાજ કોઈ નાં હોઈ. રે યોગેશ્વરો–
તો યોગ યોગેશ્વર કમાઓ. ॥૩॥
તેરે દહાડે અમે આપે જો હૂતા,
અમે અલેખ પુરૂષ ઘેર જાણ;
તેરે દાડાની તમને ખબરો ન પાઈ,
તેથી પડશો તે ચોર્યાશી નીખાણ. રે યોગેશ્વરો–
તો યોગ યોગેશ્વર કમાઓ ॥૪॥
આવાગમને આવ્યાને અર્થ ના પાયા,
પ્રાણ પડતાં નહિ લાગે વારે;
પ્રાણીનો અર્થ તો એમ નહિ સીજે,
તે સત્પંથ નાં મૂલ નહિ જાણે. રે યોગેશ્વરો–
તો યોગ યોગેશ્વર કમાઓ ॥૫॥

મુલના જાણુ તે પ્રતિમાં પ્રમાણુ;
એ પથ્થર માંહે કયાંથી પ્રભુ પામે ?
જેણે એ તમને યોગ દેખાડયો,
પણુ તે છે અમારા ચેલા રે યોગેશ્વરે
આવા યોગ યોગેશ્વર કમાઓ. ॥૬॥
ચરણુ પખાળે ને આગલ ચાલે,
પણુ તેમને ધર્મ અમે આપ્યા;
પીર નાં પીછાણે ને આપ મતે ચાલે,
તમે પડશો અંધકારે થાપ્યા, રે યોગેશ્વરો
આવા યોગ યોગેશ્વર કમાઓ. ॥૭॥
ધુંધલ વેશને આલે ઉપદેશ,
પણ આશા તૃષ્ણા નાં મૂંઈ;
મસ્તાના મૂકે ને યુગે ધ્યાન ચૂકે,
બેઈમાની પડશે બંધાઈ. રે યોગેશ્વરો-
આવા યોગ યોગેશ્વર કમાઓ.॥૮॥

અમે નાથને સિદ્ધ સમજાવ્યા,
સત્પંથ સાહેર માંહે તરવું;
પીર પેગામબર તમે પ્રતક્ષ પૂજો.
જેથી ટળે જીવની જંજાળ. રે યોગેશ્વરો–
આવા યોગ યોગેશ્વર કમાઓ. ।।૯।।
કર્તવ્ય ખોટા ને થાઓ છો મોટા,
પણ મોટાઈયે મર્મ નહિ પામો;
માંગી ખાવું ને વૈકુંઠ જાવું,
એ હો હો ખાતાં નહિ પામો. રે યોગેશ્વરો–
આવા યોગ યોગેશ્વર કમાઓ. ।।૧૦।।
કાચી છે કાયા ને ખોટી છે માયા,
તેને મરતાં નહિ લાગે વાર;
શબ્દ છે સાચા ને પિંડ છે કાચા,
કોણ કર્તવ્યથી જીવડા છૂટે. રે યોગેશ્વરો–
આવા યોગ યોગેશ્વર કમાઓ. ।।૧૧।।

સત્પંથે ધાવું તે પાપે નિવારણ થાવું,
નિશદિન જપવું સાંસ ઉસાસે;
ઈમાનની ભક્તિને જીવોની મુક્તિ,
એથી જરણ મરણનાં ભય ભાંગે. રે યોગેશ્વરો-
આવા યોગ યોગેશ્વર કમાઓ ॥૧૨॥

ત્રણ મૂર્ત આદિ યુગ માંહે આવ્યા,
તેને એક કરીને જાણો;
ભણે ઈન્દ્ર ઈમામશાહ તમે ભૂલ્યા,
જપતપ યોગે તમે યોગ કમાઓ. રે યોગેશ્વરો-
આવા યોગ યોગેશ્વર કમાઓ. ॥૧૩॥

ॐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૨૦.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

કરમ કરી કરી કંથા હો પેરી,
આ યુગમાંહે ફોગટ ખાસો ફેરા;
અગમ નિગમની યુક્તિ ના જાણી,
જરણ મરણ બેહુના કીધા હેરા. રે યોગેશ્વરો-
જ્યોત જાણે સોહીનર યોગી. ॥૧॥
જે દાડે શૂનના હૂતા શબ્દનાં હૂતા,
ન હોતા પિંડ બ્રહ્માં ઉપાયા;
જલનાં હૂતા ને કમલના હૂતા,
ત્યારે નહોતા મોહને માયા. રે યોગેશ્વરો-
જ્યોત જાણે સોહીનર યોગી. ॥૨॥

ધરતીનાં હૂતીને અસમાન નાં હૂતા,
ત્યારે નહોતા મેરૂ કૈલાશ;
તે દિવસે અમો આપો આપ હૂતા,
અમે યુક્તિ મૂક્તિ કીધી પ્રકાશ. રે યોગેશ્વરો-
જયોત જાણે સોહી નર યોગી. ॥૩॥
યુક્તિ મુક્તિ મધે મન્છા ધરીને,
અમે ધરમ કરમ બેઉ કીધા;
કરમ ધરમ વચ્ચે કર્મે કરીને,
અમે ચારે ખાણ પેદા કીધા. રે યોગેશ્વરો-
જયોત જાણે સોહીનર યોગી. ॥૪॥
ચારે ખાણુ મધે હેત ધરીને,
અમે ઉત્પન્ન ઈંડ પેદા કીધા;
ઈંડ માંહે અમે ઈચ્છા કરીને,
અમે નરને નારાયણ બેઉ સીધ્યા. રે યોગેશ્વરો-
જયોત જાણે સોહીનર યોગી. ॥૫॥

અમે સત્યા ધરીને સંસાર કીધો,
અમે આપ્યો અજંપા જાપ;
તમને સત્પંથ માંહે સૂજ્યા;
તમેનાં આં લખ્યા નારાયણ આપ. રે યોગેશ્વરો-
જ્યોત જાણે સોહીનર યોગી. ॥૬॥
જ્યાંસુધી નાથું નાં નાથ નથી મલીયા,
ત્યાં લગી લક્ષ ચોરાસી નહિ ભાંગે;
યોગી તે જે કોઈ જીવને ઓધારે,
કર્મ ધર્મ કાંએ નાં લાગે. રે યોગેશ્વરો-
જ્યોત જાણે સોહીનર યોગી. ॥૭॥
છત્રીસ પંથ સર્વ ને જાણે,
અને જયેમ અંધ્ધા અંધડા આ;
કરણુ કલફ આગળ વહી તે ગયા,
તે માંહે ઈશ્વરે મુકી છે માયા. રે યોગેશ્વરો-
જયોત જાણે સોહીનર યોગી, ॥૮॥

એ નિરંજનના જોરે તેજ માંહે,
ત્રણ મૂર્તે ઈચ્છા જો કીધી,
એ નરને પ્રસાદે નિરંજન ભણિયા;
એ ત્રણે મુર્ત એક કિર્તા રે સિધ્યા. રે યોગશ્વં
જયોત જાણે સોહીનર યોગી. ॥૯॥
એવા ગુરૂ મલે તો પાતક જાએ;
અમે ત્રિભોવન તારણ આવ્યા;
તેવા ગુરૂ યોગી તમને નથી મલિયા,
માયાનાં બાંધ્યા માર ખાવા. રે યોગશ્વરો-
જયોત જાણે સો નર યોગી.॥૧૦॥
ત્રણ મુર્ત સૃજીને સંસાર નીપાયા,
શુદ્ધ બુદ્ધ તણા એ દાતાર;
ભણે ઈમામશાહ આદ પુરૂષથી આવ્યા,
અમને સેવે તે શુદ્ધ નિર્ધાર, રે યોગશ્વરો-
જયોત જાણે સો નર યોગી.॥૧૧॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૨૧.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

ધંધુકાર માંહે ધ્યાન ધરીને,
દશે કલા દેવે કીધી;
ઇંડ મધે યોની આસન સૂજ્યા,
ત્રણ ગુણને વાચા દીધી. રે યોગેશ્વરો—
યોગની યુક્તિનાં વિચાર અનેરા. ॥૧॥
કરમ ધરમ બેઉ યુગલે બંધાયા,
તે યોગને યુક્તિ બે સૂજ્યા;
અમે આદે ઉનાદે નાથાતિત અકેલા,
અમે યોગનાં આશણે વર્ત્યા. રે યોગેશ્વરો—
યોગની યુક્તિના વિચાર અનેરા. ॥૨॥

સંતોષ મધ્યે જોની સત્ય જો સૂજયું,
ત્યારે દત્ત તણો વ્યવહાર;
દયા ઉપાશી ને ધર્મ જો સૂજયું.
ત્યારે કર્મ તણા હૂવા વ્યંવહાર. રે યોગેશ્વરો
યોગની યુક્તિના વિચાર અનેરા. ॥૩॥
બ્રહ્મ પણુ જોઈને બ્રહ્મ કલા કીધી,
ત્યારે યોગિયે યુક્તિ જાણી;
કહે ઈન્દ્ર ઈમામશાહ ચરણે લાગ્યા,
અંતે સદ્દગોર બોલ્યા વાણી. રે યોગેશ્વરો
યોગની યુક્તિનાં વિચાર અનેરા. ॥૪॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૨૨.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

શબ્દાતિતે જોને સત્ય ઉપાયું,
તો ક્ષર ને અક્ષર નીપાયું;
અક્ષર હુતા તે તો આશાણે રહ્યા,
તો ક્ષર સંયોગ લઈ આવ્યા. રે યોગેશ્વરો–
તો યોગની યુક્તિ અનેરી. ॥૧॥

ધુંધળ સાધીને ધ્યાન જો વર્ત્યું,
તો તેજે માયા પ્રકાશી;
આશાણે અહાર લઈ ગયા યોગેશ્વર;
તો અતિત રહ્યા અપવાશી. રે યોગેશ્વરો–
તો યોગની યુક્તિ અનેરી. ॥૨॥

સત્ય સંતોષ વલી ક્ષમા સાંધી,
તો યુક્તિ ક્રિયા માંહે વાધી;
કહે ઈન્દ્ર ઈમામશાહ યોગ સમજાવ્યો,
ત્યારે યોગી ને સુધિયા આવી. રે યોગેશ્વરો
તો યોગની યુક્તિ અનેરી. ॥૩॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૨૩

શ્રી સદ્‌ગોર મ્હા વાચા.

ઈંડ મધે પ્રથમ ધ્યાન ધરીને,
તો ધ્યાન મધે સર્વે ઇચ્છયું;
દશ કલા હેવે દેહી માંહે સૂજી,
તે કલા માંહે સર્વે મિછયું. રે યોગેશ્વરો–
યોગ માર્ગે યુક્તિયે ચાલીયે જોઈ. ।।૧।।
અખંડ આસણ હેવે ઈચ્છા માંહે સૂજયું,
તો રેખા માંહે [illegible]મ વત્યું;
મંડલ મધે જ્યારે મન પ્રકાશ્યું,
પિંડને અહાર સર્વે સૂજંયું. રે યોગેશ્વરો.–
યોગ માર્ગે યુક્તિયે ચાલીયે જોઈ.।।૨।।

શબ્દનાં ભેદ ત્યારે સમજીને રહ્યા,
ત્યારે ગુણને નિર્ગુણ બેઉ સૂજ્યા;
કમલ પ્રકાશી ધ્યાન ધરીને,
ત્યારે ભેદ અભેદ બેઉ વર્ત્યા. ૨ યોગેશ્વરો-
યોગ માર્ગે યુક્તિયે ચાલીયે જોઈ. ॥૩॥

યોગ પ્રવર્તે સદ્ગોર વચને જાણીયા,
ત્યારે દેવને પુજી દશાંશ આપી;
ભણે ઇંદ્ર ઈમામશાહ યોગ સમજાવે,
ત્યારે યોગી નાં મેલાં સ્થાપી. ૨ યોગેશ્વરો-
યોગ માર્ગે યુક્તિયે ચાલીયે જોઈ. ॥૪॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન. ૨૪.

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચ્યા.

પ્રથમ ધંધુ કાર જો હુતા,
ત્યારે તેજ મધે સ્વામી હૂવા;
તેજ મધે સ્વામીયે ધ્યાન ધરીને,
પ્રથમ હેતજ પ્યદા હૂવા. રે યોગશ્વરો-
યોગના માર્ગ દોહેલા. ॥૧॥

પિંડ બ્રહ્મંડ નાં સ્વામીયે કીધા નીમેડા,
ત્યારે પ્રથમ તે પ્રીતજ બાંધી;
નુર તજલ્લાથી હેતજ ધરિયું,
ત્યારે પવન પાણી રહ્યા સાધી. રે યોગેશ્વરો-
યોગના માર્ગ દોહેલા. ॥૨॥

નર હરિ કાયા ને શબ્દ ઉપાયા,
તો શુન છેદીને ચક્ર લીધા;
આપો તે આપ સ્વામી અળગા રહીને
ત્યા મન માંહી ચરિત્ર કીધા. રે યોગેશ્વરો-
યોગના માર્ગ દોહેલા. ॥૩॥

રત્ન પ્રકાશીને સ્વામીયે તેજ દેખાડ્યું,
ત્યારે નાભી થકી નૂર ઝરિયા;
કહે ઇંદ્ર ઈમામશાહે કુંભ દેખાડયા,
તેમાં અદ્દ્અદ્ નુર ભરિયા. રે યોગેશ્વરો -
યોગના માર્ગ દોહેલા. ॥૪॥

ॐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૨૫.

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા.

ધંધુકાર માંહે ધ્યાન ધરીને,
તો કરણુ માંહે કરણી કમાંઈ;
કલ્પ મધે અમે કલ્પના કીધી,
તો યુક્તિયે સૃષ્ટિ નીપાઈ. રે યોગેશ્વરો–
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૧॥

યુક્તિ મધે અમે યોગ જો સૂજયો,
તો યોગ મધે સર્વે યોગ સૂજ્યા;
ભાષા માંહે તે સર્વે યોગેશ્વર,
તો ભાષા માંહે સર્વે વર્ત્યા. રે યોગેશ્વરો–
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૨॥

આજ કલિયુગ મધે યોગી કોનેરે કહિયે
કહોને ભેષ નાં વ્યવહાર ?
કઈરે યુક્તિયે તમે યોગી કહેવાયા ?
કઈ પેરે રહ્યા છો સંસાર ? રે યોગેશ્વરો–
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૩

તમને કોણે અંતે યોગ દેખાડયા ?
અને કોણે ભભુત જો આપી ?
કોણ રૂપની તમે કલા જો માનો ?
તમને કોણે યોગી કીધા સ્થાપી ? રે યોગેશ્વરો-
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૪॥

તમે શું રે કમાઓ ને શું રે આચરો ?
અને કેવા ધરો છો ધ્યાન ?
આવેલામાં વાટ ક્યાં થકી લીધી ?
તમને કોણે બતાવ્યા યોગના જ્ઞાન ? રે યોગેશ્વરો
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૫॥

તમને કોણે પરમોધીને ઉપદેશ દીધા ?
તમને કોણે દેખાડયો આ ધર્મ ?
યુગ યુગાંતરમાં તમને કોણે સમજાવ્યા ?
તમે કીયે જાપે બાળો કર્મ ? રે યોગેશ્વરો–
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૬॥
અમે સદ્‌ગોર બ્રહ્માના આશણ પુંજું,
અને કલા રે સેવું તમારી;
અથર્વ વેદના અમે વાક્ય ભાંખું,
અને સત્‌પંથ સેવું વિચારી. રે યોગેશ્વરો–
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૭॥
પીર સુદરદીન પીર કબીરદીને ઉપદેશ દીધો,
અમને દેખાડયો આ ધર્મ;
નિષ્કલંક નામે અમને જાપ જપાવ્યા,
અમે તેણે બાળું છું કર્મ, રે યોગેશ્વરો–
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૮॥

સત્ય સંતોષની અમને યુક્તિ દેખાડી,
કેશાણીની ભભૂત અમને આપી;
પાત્ર હુશ્યેની નો અમને પરવાર દેખાડયો
અમને ત્યાંથી યોગી કીધા થાપી. રે યોગેશ્વરે
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૯॥
જાંબુદ્વીપના અમને આશાણુ દેખાડયા,
ત્યાંથી યોગી થયા અમે અનેરા;
સુદરદીન કબીરદીનના વાયક પ્રમાણ્યા;
અમે તેથી છૂટયા બંધન ફેરા. રે યોગેશ્વરો
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૧૦॥
ઈન્દ્ર ઈમામશાહને બ્રહ્મા પ્રમાણ્યા,
ત્યારે યોગી તણા સાંસાં ભાગ્યા;
નવરે નાથ ને સિદ્ધ ચોર્યાસી,
આપી દશાંશ ને પાએ લાગ્યા. રે યોગેશ્વરો
તો યુક્તિ વિના યોગ દોહેલા. ૧૧

ભણે પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ,
તમે અથર્વ વેદના વાયક કમાઓ;
જાંબુદ્વીપની તમે યુક્તિ સેવો,
તો સેહેજે અમરા પુર જાઓ. રે યોગેશ્વરો-
તો યુક્તિ વિના યોગ દોહેલા. ॥૧૨॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ર

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા.

ઈચ્છા કરીને જ્યારે આશાને બેઠચા,
ત્યારે મર્મસ્થળે ધ્યાન ધરિયું;
વચને તે સાચાને પોતાની વાચા,
તો આપો આપે સર્વે સર્જ્યું, રે યોગેશ્વરો
ત્રણ તત્વનો ભેદ જાણે કોઈ. ।।૧।

યુક્તિએ અહાર યુક્તિયે વ્યવહાર,
આનંદ શબ્દે જ્યોતિ પ્રકાશી;
તંત્ર મંત્રના સર્વે ભેદ જો કીધા,
તો શબ્દે કરી સર્વે લીધા. રે યોગેશ્વરો-
ત્રણ તત્વનો ભેદ જાણે કોઈ. ।।૨।

માયા છેદીને છત પ્રકાશી,
ત્યારે કલા ધરીને ધ્યાનજ ધરીયું;
તેજ માંહેથી મૂર્ત સૂજી,
તેને મસ્તગે નીર ઝરિયું. રે યોગેશ્વરો-
ત્રણ તત્વના ભેદ જાણે કોઈ. ॥૩॥

આતન માંહેથી ત્રણ મૂર્ત સૂજી,
ત્યારે ત્રણ કળા દેવે કીધી;
ભણેપાત્રબ્રહ્માઈન્દ્ર ઈમામશાહે શુદ્ધ દેખાડી,
ત્યારે યોગિયે વાણી ગ્રહી લીધી. રે યોગેશ્વરો-
ત્રણ તત્વના ભેદ જાણે કોઈ. ॥૪॥

ૐ

ી યોગ વાણી, જ્ઞાન, ૨૭.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

અનંત આરંભ સ્વામીએ ઈંડ માંહેથી કીધો
અનંત લીલા ત્યાંહ વલી કીધી;
ઓમ (ૐ)કાર શબ્દે ઈંડજો છેદયું,
ત્યારે વ્યવહારે વાચા ત્યાં દીધી. રે યોગેશ્વરો–
તો યોગ પ્રકાશીને યુક્તિ કીધી. ॥૧॥
ધ્યાન ધરી ધરી આરંભ કીધા,
ત્યારે ભાવ વિવેક સર્વે સૂજ્યા;
રતન અનંતની જયોતિ પ્રકાશી,
ત્યારે હેત કમલ થકી સૂજ્યા. રે યોગેશ્વરો–
તો યોગ પ્રકાસીને યુક્તિ કીધી. ॥૨॥

શબ્દને સાદ બેઉ તડો વર આવ્યા,
તો વિવેક તણા વિચારો;
ત્રણ મૂરત એક જ્યોત શું ખેલે,
તેને જાણે તે જાણુણુ હારો. રે યોગેશ્વરો-
તો યોગ પ્રકાશીને યુક્તિ કીધી. ॥૩॥

ગગન પાતાલ દેવે સુન માંહેથી સૂજ્યા,
તો ભેદ અભેદ ના નીમેડા;
બ્રહ્માઈન્દ્ર ઈમામશાહે શુન્ય દેખાડ્યું,
ત્યારે યોગીનાં થયા નિવેડા. રે યોગેશ્વરો-
તો યોગ પ્રકાશીને યુક્તિ કીધી. ॥૪॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૨૮.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

ચોગી રે ચોગી તે આશણુ ચોગી,
બાકી અવર મુદ્રા ધારી. ॥૧॥
ક઼ાન કેરી મુન્દ્ર પવન શું ડોલે,
તો મન કેરી મુદ્દરા સાચી. ॥૨॥
મન કેરી મુદ્રા તેને સોવણુની કાયા,
તો અંદર ભભુત લગાયા. ॥૩॥
જટા મુગટ મોહ્ોર હારનાં છૂટે,
કાયા મેરી પવન શું ડોલે. ॥૪॥
કાચી કાયા પવન ઓધારી,
તો નીર ચલે સો પારી. ॥૫॥

પાર ફૂટીને નીર ઢોલાણા,
તો કાયા હે કામણ ગારી. ॥૬॥
આરે સંસારમાં પાસારે ઢલિયા,
તો ખેલ ખેલે સચિયારા. ॥૭॥
તો ખેલોને જાગો મેરે મુનિવર ભાઈ,
તો આહે પાખંડ કેરા વારા ॥૮॥
ગગન મંડલ માંહે શબ્દ જો હૂવા,
તો નવ ખંડે આશા તમારી. ॥૯॥
નવ અવ્તારે નવ દાણવ છેદ્યા,
તો દશમે કાલિંગો છેદણ હારા. ॥૧૦॥
જ્ઞાન અમીરસ બોલ્યા ગુરૂ ઈમામશાહ,
તો યુગે યુગે આશા તમારી. ॥૧૧॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૨૯.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

યેગીતે યોગી આશણુ યોગી,
બાકી અવર સો મુંદ્રા ધારી;
કાન કેરી મુંદ્રા પવન શું ડોલે,
તો મન કેરી મુંદ્રા સાચી. રે યોગશ્વરો–
યોગ સંયોગ ગ્રહી રહિયે. ॥૧॥
મન કેરી મુદ્રા તેને સોવણની કાયા,
તો અંદર ભ્રભુત લગાઈ;
જટા મુગટ મોહોર હાર છૂટે,
કાયા આ મેરી વપન શું હલાઈ રે યોગશ્વરો–
યોગ સંયોગ ગ્રહી રહિયે. ॥૨॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૩૦

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા.

સદ્ગોર પ્રશાદે સ્વામી હાથ પગ આપ્યા,
તે ગોર ને કેમ વિશાર્યા;
ભૂલ્યા રે ભૂલ્યા તમે નાથ મચ્છંદર,
તો જપ તપ બેઉ હાર્યા.
હાડ કી કલિયે જયમ શિયાળ વળુંધ્યા,
મીન ભાંખે આપ રળિયાતા;
હું તમને પૂછું માર નાથ મચ્છંદર,
ચરિત્ર પુત્લીચે સર્વે યુગ છલીયા. ॥૧॥
સગલી જમાતતે સુખે સેજ પોઢતા,
તે કોણુસે રાજાએ પાર ઉતરિયા ?

સુખની નાલેરે સ્વામી બહુ વરસ વહી ગયા
અવિચળ ધણી થકી ફળ લઈએ.
હાડ કી કલિયે જ્યમ શિયાળ વળુધ્યા,
મીન ભાંખે આપ રળિયાત;
હું તમને પૂંછુ મારા નાથ મચ્છંદર,
ચરિત્ર પુત્લીયે સર્વે યુગ છલિયા. ॥૨॥

બુદ્ધડી ગમાઈ જેણે આ સત્પંથ છોડયા,
મરણ જીવણ બઉ હાર્યા,
રાંજ એ લોભે નાથજી પાપે બંધાણા,
તો કર્મ ધર્મ બેઉ હાર્યા,
હાડકી કલિયે જ્યમ શિયાળ વળુધ્યા,
મીન ભાંખે આપ રળિયાત;
હું તમને પુછું મારા નાથ મચ્છંદર,
ચરિત્ર પુત્લીયે સર્વે યુગ છલિયા. ॥૩॥

ભઠ્ પડયો એ ટાઢા ટુકડા,
ભઠ્ પડયો એ ભોંયકા સૂણા;
ભઠ્ પડયો એ સોટા લંગોટા,
ભઠ્ પડયો અવતારકા ખોણા.
હાડકી કલિયે જયમ શિયાળ વળુંધ્યા,
માન ભાંખે આપ રળિયાત;
હું તમને પુંછું મારા નાથ મચ્છંદર
ચરિત્ર પુતલિયે સર્વે યુ છલિયા ! ॥૪॥

ઓર ધાણીકા ગોરસ મીઠા,
તમે ગોર મૂખે કરણી કમાવો;
યે ધરતિ ઉપર કોઈ થર ના રહ્યા,
નાથજી મુળગાકાં ગર્મા ઓ ?
હાડકી કલિયે જયમ શિયાળ વળુંધ્યા,
મીન ભાંખે આપ રળિયાત;

હું તમને પુંછુ સુદ્ધ નાથ ગોર્ખા,
આવડી શુદ્ધ તમે કયેમ કરી જાણી? ॥૫॥
સ્વામી અમે ભૂખડીખોઈને તૃષ્ણા છીપાઈ
અમે ન્યણે નિંદ્રા ના આણી;
સદ્ગ ગોર બ્રહ્માજીની સેવાએ જાગ્યા,
તો નાથ મચ્છંદરે ત્યાં થકી શુદ્ધ જાણી.
હાડકી કલિયે જ્યમ શિયાળ વળુધ્યા,
મીન ભાંખે આપ રંળિયાત;
હું તમને પુંછું મારા નાથ મચ્છંદર;
ચરિત્ર પુતલિયે સર્વે યુગ છલિયા.॥૬॥
જેણે બંબ થકી આપણી કાયા નીપાઈ,
તે બંબ પર સોમ કરમ ટાલો;
સત્પંથ સેવો ને સદ્ગ ગોર પૂજો,
જન્મ સફળ કરી દેહી વારો.

હાડકી કલિયે જયમ શિયાળ વળુધ્યા,,
મિન ભાંખે આપ રળિયાત;
હુ ં તમને પુંછું મારા નાથ મચ્છંદર,
ચરિત્ર પુતલિયે સર્વે યુગ છલિયા.॥૭॥
એ શાંભળી નારી અતી શુંદિર દેખી,
નાથજી ભુલાવે શું પડિયા ?
મચ્છંદર પ્રસાદે શુદ્ધ ગોરખ બોલ્યા,
તો નિત્ય નવા નાથ કેવાયા.
હાડકી કલિયે જયમ શિયાળ વળુધ્યા,
મિન ભાંખે આપ રળિયાત,
હુ ં તમને પુંછુ ં મારા નાથ મચ્છંદર,
ચરિત્ર પુતલિયે સર્વે યુગ છલિયા.॥૮॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૩૧.

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા.

આદ્દે થકી એક શુન ઉપાયા,
ત્યારે શુન માંહે શબ્દ સમાયા;
મુંદ્રા પે હેરી નેમનવશ નાહિ,
તો નર્કે જાશો નિર્વાર્ણ. રે યોગેશ્વરો–
તો યોગ ના મર્મ ને જાણો. ॥૧॥
અનાથના નાથ અમે ઇંદ્ર ઇમામશાહ,
અમે અલખ નિરંજનનાં ચેલા;
ભભુત ચોળી ને પાંઉ પડાવે,
પણશિદ્ધિનાં શબ્દ ના જાણે મેલા. રે યોગેશ્વરો–
તો યોગ ના મર્મને જાણો. ॥૨॥

સીંગીં વગાડે ને કાન જો ફાડે,
પણ બ્રહ્મ અક્ષરનાં જાણે;
જટા વધારેને યોગ નાં સાધે,
એ મોક્ષના મર્મ નાં જાણે. રે યોગેશ્વરો-
તો યોગના મર્મને જાણે. ॥૩॥
જાંબુ દ્વીપમાં શાહ મારે તખ્ત રચાવ્યા,
તે સૃષ્ટિનાં સૃજન હારા;
એરે ગોર યોગી તમે ઓરા ઘો,
જેણે ત્રણ ભોવન પેદા કીધા. રે યોગેશ્વરો-
તો યોગના મર્મને જાણો. ॥૪॥
અડસઠ તિર્થે પર્વનને પાણી,
ત્યાં જીવના નિવેડા નહિ થાએ;
ભણે ઈમામશાહ શુંણો મારા યોગી,
અમને મલે સંશય દૂર થાએ. રે યોગેશ્વરો-
તો યોગના મર્મને જાણો. ॥૫॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૩૨

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

લીલ વરણ ધંધુ કારજો હૂતા;
ત્યારે તેજ સમા તે અમે હૂતા;
અહદ રૂપે અમે ઈન્દ્ર ઈમામશાહ,
એ મધે નિરંજનના સાથી, રે યોગેશ્વરો
તમે યોગની યુક્તિના જાણી. ॥૧॥

એ ત્રણ મૂર્ત આગળ તત્વ જાણો,
ચોથી આદ્ય શક્તિ અવતારી,
જાંબુ દ્વીપમાં તમે દર્શન દેખો,
જેથી પાવનથાએ નરને નારી. રે યોગેશ્વરો
તમે યોગની યુક્તિના જાણી. ॥૨॥

આવા ગોર નરે તમને સત્પંથ આપ્યા,
પણ સામલ લેજો જે જીવને ભેલો;
ભીતર ખોજે તે અમને બુજે,
તો આવા ગવનના ફેરા ટલે. રે યોગેશ્વરો–
તમે યોગની યુક્તિના જાણી. ॥૩॥
ધરતી પાતાલને સહેજે સર્ગા પુર,
અમે કલા ધરીને આવ્યા;
જ્યાં લગી નાથુંના નાથ નથી મલિયા,
ત્યાં લગી તમે ફેરા ખાવા આવ્યા. રે યોગેશ્વરો–
તમે યોગની યુક્તિના જાણી. ॥૪॥
ઈમામ પુરી નગરીમાં અલખ ધણી રહે છે,
તેને છત્રીસ પંથ સૌ જાણે,
મુકોરે બાજી તમે મન કરો કાજી,
પણ કોણ કૃતવ્ય નાછે નીમેડા. રે યોગેશ્વરો–
તમે યોગની યુક્તિના જાણી. ॥૫॥

એ ત્રંણું મુર્તને આદિ યોગ માયા,
તેને તમે એક કરીને જાણો;
ભણે ઇંદ્રઈમાશાહ તમે શુણોને યોગી,
અમને સેવો તો સ્વર્ગ પામ્યા જાણો. રે યોગેશ્વરો—
તમેં યોગની યુક્તિના જાણી. ॥૬॥

ॐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૩૩.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

સત્પંથ સાચા ને ગોરની વાચા,
અમે ધર્મ કર્મથી રહ્યા ન્યારા;
કોણ નાથે તમને ધર્મ દેખાડયા ?
તે નાથ જાશે નર્ક મોઝારા. રે યોગશ્વરો-
સૃષ્ટિના ગોર વિના મોક્ષ નાહોયે. ॥૧॥

આશણ બાંધે ને યોગને સાધે,
સંસારમાં ચાલો તમે સુધા;
નવ નાથ ને સિદ્ધ ચોર્યાસી,
તે અમારી સેવાએ ઉભા. રે યોગશ્વરો-
સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ॥૨॥

જ્યોતિ ને લેખે ને અસત્યને મેલે,
પણ પ્રાણ જાતાં નહિ લાગે વાર;
વિષ્ણુની વાણી ને ગુરૂ મુખે જાણી,
ગર્ભે ઘસાતાં નહિ લાગે વાર. રે યોગેશ્વરો–
સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ।।૩।।
શુક્તિ તે સાચા ને નર નારી રાચ્યાં,
અંગ ઉગારા કો હો ના નાહિ;
આદ્ય પુરૂષ માનો અંદરમાં આપે,
પણ હીરા રતને હાથ રાખો સાહી. રે યોગેશ્વરે
સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ।।૪।।
વિષિયાને વારોને જ્ઞાન સંભારો,
તો તમને આપે સ્વર્ગા પુરના વાસા;
જાંબુ દ્વીપે ગુરૂજી તારવા આવ્યા,
તે નાથુના નાથ તમે જાણો. રે યોગેશ્વરો–
સૃષ્ટિના ગોર વિન મોક્ષ ના હોય.।।૫।।

અક્કલે જાણે તે અમને પીછાણે,
અમે કીધા યોગના વિસ્તાર;
ચારે વેદોથી અમે રહીને ન્યારા,
અમને સેવો તો પામો નિસ્તારા. રે યોગેશ્વરો–
પણ સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે. ॥૬॥
ચારે વેદની વાત તે તો સંસારિયાને હાથ,
પણ ભેદ પાંચમાં વેદના કહ્યા;
પાંચમાં વેદના ગુરૂ જ્યાં સુધ નથી મલિયા,
ત્યાં સુધી ફેરા ચોરાસીના રહ્યા. રે યોગેશ્વરો–
પણ સૃષ્ટિના ગોર વિના મોક્ષ નાહોયે. ॥૭॥
માંગી ખાએ તેને મોક્ષ ના થાએ,
પર ધાન લેઈ પસ્તાશો;
લુણ પાણીનું શાહો મારો લેખાં લેશે,
ત્યાં કેમ કરીને ઉત્તર દેશો. રે યોગેશ્વરો–
પણ સૃષ્ટિના ગોર વિના મોક્ષ નાહોયે. ॥૮

આજ કલવારા ને ખોયા જન્મારા,
પણ જયોત વિના શું થાયે ?
ભણે ઈંદ્ર ઈમામશાહ શુણો યોગેશ્વરો,
કરડું રૂપ લેઈને અમે આવ્યા. રે યોગેશ્વરો–
પણ સૃષ્ટિના ગોર વિના મોક્ષ ના હોયે.॥૯॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૩૪

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા.

યોગ પ્રમાણીને સેવા શું જાગો,
તમે સંતોષે શુદ્ધ થાશો;
સદ્ગોરની વાચા તે કરણિયે સાચા,
તમે સુનિવર સેવા શું જાગો. રે યોગેશ્વરો-
સદ્ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે.॥૧॥
તન મન વારો ને વિષિયાને મારો,
સોહી આપે અમરા પુરના વાશા;
અમે ધર્મ પ્રકાશીને ઘટ પાટ સ્થાપ્યો,
ત્યાં બાંધી જીવોની આશા. રે યોગેશ્વરો-
સદ્ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે.॥૨॥

એક અબ્ધુત અમો જ્યોતિ શું બોલ્યા,
અમે કીધા યોગ ના નિમેડા;
અમે અસ્માન બાંધી ચંદ્ર નિપાયા,
અમે સૂજી તે વરણ અઢાર. રે યોગેશ્વરો-
સદ્‌ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે.॥૩॥
અમે પવન પ્રકાશીને પાતાલ બાંધ્યું;
અમે ત્રણ મૂર્ત એક કિર્તાર,
એ ત્રણ મૂર્ત એક તત્વ જાણો,
અમે નરને નારાયણે સંગ સાધ્યું. રે યોગેશ્વરો-
સદ્‌ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે.॥૪॥
એ ઘરના પુરૂષની તમે પાવલ પીયો,
જે ઈકોતેર સોનો ઓધ્ધાર;
તેવો તમોને સત્પંથ જો આપ્યો,
તમને નર્કે જાતાં જીવ કાઢ્યા બાર. રે યોગેશ્વરો-
સદ્‌ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે.॥૫॥

ઇકોતર સો યોગીના આગલ કરીને,
તમે એવા બ્રહ્મજ્ઞાન શુંણો;
કીધા કર્તવ્ય તમારા પ્રલે જાશે,
તો ટળશે માધન કેરો માર રે યોગેશ્વરો-
સદ્ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે.ાાદાા
મુનિવરને કાજે અમે અમરા પૂર સૂજ્યા;
જે કોઈ આવશે કરણીયે સાર;
આગે ગોરક્ષ મંચ્છદર ભણિયે,
જેણે નથી તજી સંસાર નીમાયા. રે યોગેશ્વરો-
સદ્ગોર બ્રહ્મા વિના મોક્ષ ના હોયે.ાા૭ાા
તેઓના આધાર અમ ઘરથી થયા,
એવું જાણો તો ભેખ લે ઊતારો;
એ શુદ્ધ પુરૂષની સેવા જો કરીયે,
તો જીવોને પુંછક તો નહિ થાશે. રે યોગેશ્વરો-
સદ્ગોર બ્રહ્મા વિના મોક્ષ નહિ હોયે ાા૮ાા

ભભૂત ચોળીને હાથે લીધી ઝોલી,
પણ ભીતરના ભેદ નહિ જાણો;
એમ ભણે ઈમામશાહ સુણો યોગેશ્વર,
તમો દશમાં દર્શનને પરમાણો. ૨ યોગેશ્વરો-
સદ્ગોર બ્રહ્મા વિના મોક્ષ નહિ હોયે.ા૯ા

પ્રાણીના અર્થ નવ અવતારે સીધ્યા,
તમે સેવા કરો નરને નારી;
આદશમે અવ્તારે તમારા કારજ સીધસે,
તમે સત્પંથ ધાઓને વિચારી. ૨ યોગેશ્વરો-
સદ્ગોર બ્રહ્મા વિના મોક્ષ નહિ હોય.ા૧૦ા

ॐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૩૫.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

અહદ રૂપેથી નિલ જો હૂવા,
નિલ થી અનિલ નીપાયા;
વાચા પ્રમાણી અમે મંડાણ માંડ્યું,
તો માંડી ઉત્તપત્‌ની લીલા. રે યોગેશ્વરો–
તો યોગના તત્વ તમે જાણો.॥૧॥
રચના રચી રચી રમત જો કીધી,
ત્યારે કીધા યોગ ને ભોગ;
ત્રિશુલ ધરી અમે દ્રષ્ટિ જો રાખી,
ત્યારે રચનાના પારનાં રચિયા યોગ. રે યોગેશ્વરો–
તો યોગના તત્વ તમે જાણો.॥૨॥

પ્રદક્ષિણા દઈને જો પાચે પડિયા,
ત્યારે ચરણ ધોઈને ચરણામૃત લીધા;
એમ ઓધરશે નરને નારી,
અમે મુલસ્થાને થીથંભ જો દીધા. રે યોગેશ્વરે
તે યોગના તત્વ તમે જાણો. ॥૩॥

મૂલ નેં મંડાણ બેઉ બંધથી ઉપાયા,
ત્યારે સૃજ્યા સત્ય ને દત્;
સત્યને દત્ બેઉ બ્રહ્માએ સૃજ્યા,
અને સૃજ્યા તે તેજ નાં તંત, રે યોગેશ્વરો-
તો યોગના તત્વ તમે જાણો. ॥૪॥

ઉદ્ધ બુદ્ધ વાણીને ગોર મૂખે જાણી,
ત્યારે જોજો શંખનાં શબ્દ,
શંખ પ્રકાશીને સંસારજો સૃજ્યા;
તે દાડે યોગનાં કયાં હુતા અબ્દ? રે યોગેશ્વરો-
તે યોગના તત્વ તમે જાણો. ॥૫॥ realpatidar.com

એ ઈશ્વર પાર્વતી આદમ અવતાર,
તેનાં યોગ તમે લીધા;
તે યોગ જોઈને તમે કેમ ભૂલ્યા ?
તેથી પડશો તમે અંધકાર. રે યોગેશ્વરો–
તો યોગના તત્વ તમે જાણો. ॥૬॥
અમે સત્ય પ્રકાશીને સત્પંથ સૂજ્યા,
અમે કીધાં જીવોનાં ઓદ્ધાર;
સત્પંથમાંહે ઉભા રહી આશિષ માંગી,
એમ ઈકોતેર સોનો કીધો ઓદ્ધાર. રે યોગેશ્વરો–
તો યોગના તત્વ તમે જાણો. ॥૭॥
એ નરને નાર બેઉ યોગ શું ખેલે,
પણ યોગ ને ભોગે બ્રહ્માની ભક્તિમાલે,
એ બ્રહ્માની ભક્તિને જીવોની મૂક્તિ,
તમે ટાલો મોહ મચ્છરને કાલે. રે યોગેશ્વરો–
તો યોગના તત્વ તમે જાણો. ॥૮॥

કાલતજશો તો તમે આ વિને મલશો,
એક અક્ષરથી સબૂ યુગ કીતા;
તેરે અક્ષર અમને દેખાડો,
એણી માયાએ મુનિજન મિત્તા. ૨ યોગેશ્વરો
તો યોગના તત્વ તમે જાણો. ॥૯॥
એણી માયાએ મહેશ્વર મોહ્યા,
પંચભુત પંચભુતાત્માને વશ રાખો,
એ વેહતરણીને વશ રાખો,
એ ઉપદેશ યોગી તમને આપ્યો? ૨ યોગેશ્વરો-
તો યોગના તત્વ તમે જાણો.॥૧૦॥
તે ગોર તો અમને દેખાડો,
અનેક ગોરે જીવને દુઃખ ના દીજે;
એ દર્શણ તમે કયાં લેશો ?
દશે અવતારે અમને લીજે. ૨ યોગેશ્વરો-
તો યોગના તત્વ તમે જાણો.॥૧૧॥

દશે અન્તારે અમ મનુષ્ય દેહીએ આવ્યા,
તો અમને તે પ્રતક્ષ પૂજો;
અમરા મરમ અમે પીરને પ્રમેશ્વર,
અમને અંત કાલના તારણુ લેજો. રે યોગશ્વરો–
તો યોગના તત્વ તમે જાણો. ॥૧૨॥
વૈકુંઠનાં દુઃખ તમથી વેઠયા નહિ જાએ,
ઉંચ નીચ નહિ ત્યાં કોઈ;
અમરાપુરને દરવાજે ઉભા જો રહિને,
દોડી જાવો જયોતિ દેખાડે તે જોઈ. રે યોગશ્વરો–
તો યોગના તત્વ તમે જાણો. ॥૧૩॥
ઈમામ પૂરી નગરીને કુંવારકાં ક્ષેત્ર,
ત્યાં જીવોના જુજવા નિમેડા ખાસ;
પહેલા કર્તા યુગમાં અમે કરણી કીધી,
ત્યારે ઉત્તર દિશામાં પુર્યા વાશ. રે યોગશ્વરો–
તો યોગના તત્વ તમે જાણો. ॥૧૪॥

બીજા ત્રેંતા યુગમાં હમે પૂર્વ દિશા પૂજાવી,
પણ તે દર્શને અમોને જાણો;
એ નાથના નાથને ઢુંઢતાં હીંડો,
પ્રત્યક્ષ જાંબુદ્રીપના પીર પ્રમાણો. રે યોગેશ્વરો-
તો યોગના તત્વ તમે જાણો. ॥૧૫॥
ત્રીજા દ્વાપુર યુગમા દક્ષિણ દિશા પુજાવી,
અમે પ્રાણીના અર્થને કાજે,
સતી જીવોને સ્વર્ગાપુરના વાશા.
પણ અમર પુજા જે કોઈ પૂજે આજે. રે યોગેશ્વરો-
તો યોગના તત્વ તમે જાણો.॥૧૬॥
આજ કલવારે પશ્ચિમ દિશા પૂજાવી,
ત્યાં પીર પેગમબરે પુર્યા વાસો;
દર્શન દેખો તો સત્પંથ લેખો,
તો શુદ્ધ બુદ્ધનાં દાતાર થાશો. રે યોગેશ્વરો-
તો યોગના તત્વ તમે જાણો.॥૧૭॥

એ ચારે યુગમાં અમે પ્રત્યક્ષ બેઠા,
જેને આદે સદ્‌ગુરૂ ભેટયા નામ;
નિર્મલ થઈને નિરંજન આરાધો,
સેવા કારણે અમે કલિમાં કીધા કામ. રે યોગેશ્વરો–
તો યોગના તત્વ તમે જાણો. ॥૧૮॥
એમ ભણે ઈમામશાહ તમે નિરંજન પૂજો,
જેથી જીવોના થાએ નિમેડા;
ઉજ્વલ મને જો કર્મ જો કીના,
હેતે પ્રિતે હમને આરાધો સવેરા. રે યોગેશ્વરો–
તો યોગના તત્વ તમે જાણો. ॥૧૯॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૩૬.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

પ્રથમ યોગ કેરા મૂલ વખાણું,
તે પાંચે તત્વના છે પીંડ જાણો;
પિંડ નિર્મલ કરી રાખો શંભાળી,
નહિતોસત્પંથની શુદ્ધકયાંથીપામો. રે યોગશ્વરો–
પણ યુક્તિ જાણે તે યોગી. ॥૧॥
અગમ યોગી ઓંમ (ૐ) કારજો હુંતા,
ત્યારે નોહતી મોહને માયા કોઈ;
પાંચ તત્વકા પિંડ નિપાયા,
અલક્ષ વિના નહિ દૂજા કોઇ. રે યોગશ્વરો–
તો યુક્તિ જાણે તે યોગી. ॥૨॥

આ સત્યવાણી તે ગોર મુખે જાણી,
શુદ્ધ ને પ્રમાણો શાહો આવ્યા;
એમ ભણે ઈમામશાહ તમે શુણો યોગેશ્વરો.
સત્યને સંતોષ બેઉ સાથે આવ્યા. રે યોગેશ્વરો-
તો યુક્તિ જાણે તે યોગી. ॥૩॥



ૐ

ી યોગ વાણી, જ્ઞાન, ૩૭

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

જ ઈમામ પુર નગરી માંહે ગોર નર કહિયે;
ની સેવા તમે સહી કરી જાણો;
ગોરે તમને આજ યોગ સમજાવ્યા.
મે શુદ્ધ પુરૂષની સેવા માણો. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જયોત પ્રકાશો. ॥૧॥
પ્રત્યક્ષ પૂજો અમથી નથી દૂજો;
મે નર તનને "નાદે[1] ખેલો,
મે યોગ ખોશો તો દોજક જાશો. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જયોત પ્રકાશો. ॥૨॥

૧ નાદે-શબ્દે.

પ્રત્યક્ષ જાણોને આ ગુરૂને વખાણો,
અમે આદિ અંતેથી આવ્યા રાચી;
યુગ પ્રમાણે તમને પરિબ્રહ્મ મલિયા,
તમે મુકો તે મન કેરી બાજી. ૨ યોગ

આ જન્મે તમે જયોત પ્રકાશો. ાા

આદે સર યોગીને દુનિયાના ભોગી,
પણ ભવના બંધન કેઈ પેરે જાએ?
ધુરૂણ ધારીને આ ધુધંળ પાણી,
ભીતર ધોયે તો પાપજ જાએ. ૨ યોગ

આ જન્મે તમે જયોત પ્રકાશો. ાા

તે ગોર આજ પ્રત્યક્ષ બેઠા,
જેણે યુગોમાં જયોતિ પ્રકાશી;
આવા ગવનના તે કરશે નિવડા,
તમ મનના મેલ બાહેરના ધોવાશે. ૨ યોગ

આ જન્મે તમે જયોત પ્રકાશો. ાા

૧૦૪ આજ ઈમામપુર નગરી માંહે ગોર નર કહિયે.

અશંખ યુગ આગળ વહિ ગયા,
હજુ લગી નાથ ના મલિયા;
એ કઈ પેરે યોગી યોગ કમાશો ?
આ જન્માતર એળે વલીયો. રે યોગેશ્વરો–
આ જન્મે તમે જયોત પ્રકાશો. ॥૬॥
અમને ના બુજે સદ્દગોર ન સૂજે,
આ સંસાર કાલે પ્રલ્ય જાશે;
પાખંડ પાણી 'એ' ગોર નરના જાણે,
પણ મસે પંજર ઝરીઝરી જાશે. રે યોગેશ્વરો–
આ જન્મે તમે જયોત પ્રકાશો ॥૭॥
એ ચારે ખાણીને નિરંજનની વાણી,
કાલ સંદેહ શબ્દે સૌને પડશે;
બીજ ન બોવે અમરાપુર કયાંથી જાવે ?
આ કાયા તે કઈ પેરે પાકે. રે યોગેશ્વરો–
આ જન્મે જયોત પ્રકાશો. ॥૮॥

કુંજર દાન કર્તા યુગ માંહે દેતા,
ત્યારે દશે અવતારે અમે આવ્યા;
ભક્તિના જાણે ને યોગને વખાણે,
જરણ મરણ જીવની સાથે રયા. રે યોગેશ્વરો–
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૯॥
મમતા ના મૂકોને અહંકારમાં ચૂકો,
ચો દિશાથી લાગી તમને ચોટ;
કોણ પ્રકારે તમે કરણી કીધી ?
સ્વામી રાજા સૃજણહારા મોટ. રે યોગેશ્વરો–
આ જન્મે તમે જ્યોત પ્રકાશો.॥૧૦॥
પાંચ તત્વ કેરા પિન્ડ નિપાયા,
તો કુદરતથી અમે કીધા ખેલે;
પંચ નદી મુલસ્થાને તખ્ત રચ્યાવ્યું,
તખ્તે ત્રીભોવન બેઠા ખેલે. રે યોગેશ્વરો–
આ જન્મે તમે જ્યોત પ્રકાશો. ॥૧૧॥

હિમપુર નગરીનો ધણી હિસાબ લેશે,
ત્યારે એ યોગના માર્ગ જોવાશેં;
એ ભરતખંડ જાંબુદ્વીપે આવ્યા,
તે કુંવારકા ધર્તિ ના ધણી કાવ્યા. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જયોત પ્રકાશો.॥૧૨॥
વરજા સેહેર માં વૈકુંઠ રચાશે,
તે દલ ભર જીવો નાં દાતાર;
આ છત્રીસ પંથ આ દુનિયામાં ચાંલ્યા,
ચલણે સાચા ચાલે સાચા આવાંર. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જયોત પ્રકાશો. ॥૧૩॥
આ સંસાર નાં ગોર સર્વે પલેં જાશે,
પલેં જાશે જોગીને ભોગી;
એમ ભણે ઈમામશાહ તમે સુણો યોગેશ્વર,
અમે મરણ જીવનના સંગાતી. રે યોગેશ્વરો-
આ જન્મે તમે જયોતિ પ્રકાશો.॥૧૪॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૩૮.

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા.

આ કુદરતે જે કોઈ જીવને ઓધારે,
જે પિંડ બ્રહ્માંડની જાણે વાતો;
એ બોલતા પુરૂષને તમે બુઝોરે ભાઈ,
એ કૃતવ્યે પૂંછાશે તમારી વાતો. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૧॥
એક ધ્યાને આપણા નાથને આરાધો,
એ પિંડ બ્રહ્માંડની શંભળાવે વાતો;
ભભુત ચોળે ને વૈકુંઠે જાવે,
એણી પેરે યોગના નિવેડાની ધાતો. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૨॥

જટા વધારે યોગી નાં જાણો,
પાણી નાહે વૈકુંઠે નહિ જાશો;
સદા પાણીમાં માછલી રહે છે,
યોગના ભેદ વિના ભટકી મરશો. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો.॥૩॥

ભેદ ના જાણે તે ભવો ભવ ભૂલ્યા,
દશાંશ ગુરૂને દીધે વૈરાગ લેશો;
વરણા વરણી ત્યાં ક્યાંએ નથી,
આજ કલિ વારે ભૂલીના જાશો. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૪॥

આજ કલિવારે ભૂલી માં જાશો,
દુનિયા કરણી નું કામ આજે ભારી;
આ અવતાર નાબુજે તેને સત્પંથ ના સૂજે,
તે પછી શું કરશો તમે નરને નારી. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો.॥૫॥

પિંડનો ધંધો તે તો માયાનો ફંદો,
મરશે મન એક દૃઢ વિશ્વાસે;
આશાણું યોગની યુક્તિનાં જાણી;
નાં જાણ્યા સૃજન હાર સ્વાસે. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો.॥૬॥

ધર્મે ધાયા તે મહા પદ પાયા,
તો પર નિંદા થી રહેજો દુર;
શુદ્ધ નાંહી શબ્દ જો નાંહી,
તો નહિ સ્વર્ગને પાતાલ પૂર. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો.॥૭॥

પ્રતિતે પૂરા તો ગોર નર મુખે શુરા,
એજ સ્વામીને સહી કરી સેવ્યા;
અમે આદેથી આવ્યા ને અંતે સમાયા,
અમે સકલ વ્યાપક હોઈને રહ્યા. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો.॥૮॥

તમો નાથ બુજો આવેદ ની ગુંજો,
તમે સત્પંથ સોધીને સુધા ધાઓ;
આજ દન લગી તમે યોગી દર્શ લેખ્યા,
અમને ન્યણે દીઠે શુદ્ધી પાઓ. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો.॥૯॥
એમ પુછે યોગેશ્વર તમે શુણો મારા સ્વામી,
તમે કયાં થકી ધર્યા અવતારો ?
તમે કયે દાડે યોગની યુક્તિ સૂજી,
અને અમને કહો એના ભેદો. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો.॥૧૦॥
એ ઈચ્છા ભોજન અમને લાધો,
અમરા મનની, મટે જંજાલો;
જરણુ મરણુ આ કયાં થકી કીધા ?
કયાંથી કીધી માયાની જંજાલો ? રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો.॥૧૧॥

પિંડ જો નોહોતા ને બ્રમંડ જો નોહોતા,
ત્યારે નહોતા મેરૂ કૈલાશ;
ભણે ઈમામશાહ એ મે સ્થળ પુજાયા,
શુદ્ધ પુરૂષની સેવા એ પુર્યા વાસ. રે યોગશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો.॥૧૨॥

ॐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૩૯.

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા.

પ્રથમ લીલ ધંધુકાર જો હૂતા,
ત્યારે તેજ ધરીને કાયમ આવ્યા;
બ્રહ્માની સેવાએ અમે મંડાણ સૃજ્યા,
જે માનવી મનુષ્યા દેહે આવ્યા. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો.।।૧।।

જે દહાડે માનવી મનુષ્યા દેહે સૃજ્યા,
ત્યારે અમે હૂતા તેજ સ્વરૂપી;
પેહેલા સત્ય સૃજીને અમે ધર્મજ સ્થાપ્યું,
રચી પૃથ્વી માયા અરૂપી. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ।।૨।।

અમે પુરૂષ સૃજીને પાવલ કીધી,
અમે માંડયું જરણ મરણ;
અમે વેદ સૃજીને વરણ નીપાઈ,
અમે યોગનાં શબ્દે બાંધી વરણ. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૩॥
અમે પુરૂષ ઉત્તમથી આશાણ સૃજ્યા,
અમે કીધા ધર્મ ને પાપ;
અગોચર પણે અમે પ્રતિત બાંધી,
અમે પરાક્રમથી પુરા આપ. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૪॥
અહદ રૂપે અમે ઈંડ નાભીએ રાખ્યું,
એ રચના એ રચી કૃતવ્યે પૂરી;
જબ લગી યોગી તમે પાપનાં છુટો,
ત્યાં લગી ફેરા ખાસો તમે પૂરા. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો ॥૫॥

એન-કેન યોગી દિદાર જો માંગે,
તમે ત્રણ લોક જેવા થાશો વિર;
સુદર દીન કબીરદીન દિદારી અમારા,
અમે નાથ જાલંધરનાં પીર. રે યોગેશ્વરો-
નિરંજન લાધ્યા તો યોગને કાઢો. ॥૬॥
સત્ય ના છોડે ને કમાઈને જોડે,
પણ વક્રમથી વેગળા એ સાર,
અધર્મથી પાએ પાછેરા દેજો,
પિંડને પડતાં નહિ લાગે વાર. રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યા તો યોગને કાઢો,॥૭॥
એ નાથને પૂજોને અમને ભજો,
પણ અમે છું સૃષ્ટિનાં સૃજન હાર,
આજ લગી યોગી તમે જન્મ ગુમાવ્યો,
એ જીવનથી મરણ ભલેરા સાર. રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યા તો યોગને કાઢો.॥૮॥

આગે કરણુ આકલા લાખ જો હૂતા,
તે દીથી ધ્યાન ધરી ધરી અમે રહ્યા;
અમે આદિથી આવ્યાને અંતે સમાયા,
પણ અમારા ભેદ કોએનાં જાણ્યા. રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યા તો યોગને કાઢો,ા૯ા
માયાનાં મૂઈ ને મમતાની મૂઈ,
વલી નાં મૂઈ મન કી બાજી;
એણી માયાએ મોટા મૂનિ જન ખાધા,
એણીએ ખાધી પૃથ્વિ સારી. રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યાતોયોગને કાઢો.ા૧૦ા
અમે અરબી રૂપે ચૌદ ભૂવનના ભૂપ,
અમે વેલા પ્રમાણે રૂપ ફિરાવ્યા;
કુંજર દાનને ગંગાનું સ્નાંન,
યોગ વિના ધર્મની ના પડે સજ. રે યોગેશ્વરો-
પણ નિરંજનલાધ્યા તોયોગને કાઢો.ા૧૧ા

આદ પુરૂષથી અમો અગોચર આવ્યા,
અમે સૃજ્યા ધર્તિ અસ્માન;
વિસ વસા ધર્મ અમે ધર્તિમાં મંડ્યું,
અમે પડદા પાપના કાપ્યા જાન. રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યા તો યોગને કાઢો.॥૧૨॥
ધર્મ પાપ બેઉ સંયોગે સૃજ્યા.
તેમાં અદકું ઓછું નહિ લગાર,
અમે તે પીરને અમે તે પરમેશ્વર;
અમે તે ઇન્દ્ર ઈમામશાહ સાર. રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યા તો યોગને કાઢો.॥૧૩॥
ઘેર ઘેર જ્ઞાન ને ધ્યાન નાં હોએ,
ભુલ્યા તે જમને હાથે પડશો;
એમ બોલ્યા ઈમામશા તમે શુણો યોગેશ્વર.
પ્રાણનો અર્થ કેમ કરી કરશો? રે યોગેશ્વરો-
પણ નિરંજન લાધ્યા તો યોગને કાઢો.॥૧૪॥

ॐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૪૦.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

સ્વાસા લેખે સ્વામી શબ્દ જો ભણિયા,
એ ભણિયા તે બ્રહ્મ જ્ઞાનની વાણુ;
મહાદન અમલ તે દુનિયામાં કરશે,
એવા યોગી જાશે રસાતાલ જાણ. રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થનાં સીજે. ॥૧॥
એકાન્ત થઈને મનમાં આરાધો,
તેને કાલ ના લોપે કોઈ;
કાયા છે કુંપોને મન છે કસ્તુરી,
મોહ મન મારો તો મમતા મૂઈ. રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થનાં સીજે. ॥૨॥

ધ્યાન ધરીને આગે માહેશ્વર બેઠા,
અને નિરંજનના ભેદ નાં પાયા;
ચંદ્ર સૂર્ય સ્વામીનાં નુરે નીપાયા,
તે લેઈ અસ્માને ધરાયા. રે યોગેશ્વરો–
પણ અલક્ષ વિના અર્થ નાં સીજે. ॥૩॥

અસ્ટ કુલ પર્વત અમેરે રચીયા,
ત્યારે રચી છે અમે ચારે ખાણ;
એક ઇંડ માંહે સબયુગ સૃજ્યા,
ત્યારે કીધી તે ઉત્પત લીલાજાણ. રે યોગેશ્વરો–
પણ અલક્ષ વિના અર્થ નાં સીજે. ॥૪॥

અમે નાભી કમૂલ થકી કરૂણાએ કીધી,
અમે રાખ્યું તે બંબ વિસ્તાર;
ઈંડ માંહેથી એક તુષાર[1] પેદા કીધી,

૧ તુષાર=બરફ, હીમ, ઝીણો, વર્ષાદ, ઠંડી. ઝાકળ, એક કપુર૦

એ તેનો અસ્માન સૂજયો સાર રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થનાં સીજે. ॥૫॥

એ ત્રણ ગુણ માંહેથી હરિયે રમત કીધી,
હવે રત પોતીને રવી ઉઝ્યા;
જ્યાં લગી યોગી આપણા મનને મોહ્યા,
ત્યાં લગી ગર્વે ઘસાઈ ગયા. રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થનાં સીજે. ॥૬॥

અંતકાલે સૌ અળગું થાશે યોગી,
એક છે આ યોગ નો ભંડાર;
લિંગ પૂજતાં તમને લાજ નાં આવે,
એ વિધે શિવ તે કેમ પૂજાયે સાર. રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થનાં સીજે. ॥૭॥

જે પથ્થર પૂજે તે અમને નાંમૂજે[1],
તે નર્કે જાશે નરને નાર;

૧ શ્રીમદ્ ભાગવત સ્કંદ ૩. અ. ૨૯ શ્લો. ૨૧-૨૨

આસ્માન અગ્નિ પુતલે પ્રીછો,
આ પ્રાણ પવન ક્યાંથી કીધા સાર ? રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થ નાં સીજે.॥૮॥
આ દેહીનાં ડંડે ફરશે નવ ખંડે,
પણ નાથું ના નાથ ક્યાં થકી મલશે ?
એવી સેવા એ આવીને ચોંદિશ ભુલ્યા,
એ બ્રહ્મના ભેદ કોને નાં મળશે. રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થ નાં સીજે.॥૯॥
નિરંજન માંહેથી એક પાતાલે તેજ લીધું,
તેની બાંધી વિષ્ણુની કાયા;
કાયા બાંધીને અમે રમત કીધી,
અમે કીધા તે ધમૂ ને ધમૂકાર. રે યોગેશ્વરો-
પણ અલક્ષ વિના અર્થ નાં સીજે.॥૧૦॥
યોગી તેજે જીવતાં મરે,
આપ તેરે ને અવર ને તારે સાર;

જાંબુ દીપનાં તમને યોગી દેખાડયા,
સંસારે ગોર નર બેહુ આવ્યા સાર. રે યોગેશ્વરો–
પણ અલક્ષ વિના અર્થનાં સીજે.॥૧૧॥

અંગની ઝોલીને ભભુત ચોલી,
ચાલ ચાલે છે ઉંધા ઉદાસી;

માયા નાદના બોલે આવા યોગના મલે,
પણ જન્મ એણીપેરે વહી જાશે. રે યોગેશ્વરો–
પણ અલક્ષ વિના અર્થનાં સીજે.॥૧૨॥

નદીને તીરેરૂખ, એવી યોગીની ભુખ,
કો દીન મુળગા ઉખડી જાશે;

એક કામ યોગી આશાણ રાખે,
એથકી પ્રાણનાં અર્થ ના થાશે. રે યોગેશ્વરો–
પણ અલક્ષ વિના અર્થનાં સીજે.॥૧૩॥

કઠણ ક્રિયાને દિલ રાખો દરિયા,
જેથી યોગની યુક્તિ થાએ;
એમ ભણે ઈમામશાહ તમે શુણો યોગેશ્વર.
ધર્મે ચાલો તો વૈકુંઠ જાએ. રે યોગેશ્વરો–
પણ અલક્ષ વિના અર્થ નાંસીજે.॥૧૪॥

ॐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૪૧.

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા.

કુવન જ્યોત ગગનમાં ધરિયા?
કુવન જ્યોત પિંડે વિસ્તારી?
કુવન જ્યોત ગુરૂ માંહે રેહેવે?
જ્ઞાન જ્યોત જોત ખોજ કુરે સારી.
કુહેરે યોગી સુનોરે ગુરૂજી મુજે.
યા ભેદકા કુહો વિચાર. ॥૧॥

અબ્ધુ ચંદ્ર જ્યોત ગગન માંહે ધરિયા.
પવન જ્યોતે પિંઢે વિસ્તાર્યા,
જ્ઞાન જ્યોત ગુરૂ માંહે રેહેવે.
ગુરૂ મુખ જ્ઞાન ખોજ કહે વિસ્તારી.

સુનોરે યોગી સુનોરે અબધુ
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૨॥

સ્વામી કોણ તમારા ગુરૂ ભણિયે ?
અને કોણ તમારા જ્ઞાન ?
કોણ તમારા થાનક ભણિયે ?
અને કોણ તમારા ધ્યાન ?
કહેરે યોગી સુનોરે ગુરૂજી મુજે
યા ભેદકા કહો વિચાર. ॥૩॥

અબધુ સત્ય હમારા ગુરૂ ભણિયે,
બ્રહ્મ હમારા હૈ જ્ઞાન
ત્રીલોક અમારા સ્થાનક ભણિયે,
વિષ્ણુ અમારા ધ્યાન.
સુનોરે યોગી, સુનોરે અબધુ
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૪॥

સ્વામી કોણ સરોવર બેઠા તન?
કોણ સરોવર બેઠા હંસા ?
કોણ સરોવરે જુલે મન ?
કોણ સરોવરે લેહરા વાસી ?
કહેરે યોગી સુનોરે ગુરૂજી
તુજે આદ્ય ભેદકા કહું વિચાર.॥૫॥
અબ્ધુ સત્ય સરોવર બેઠા તન,
મન સરોવર બેઠા હંસા;
જ્ઞાન સરોવર ઝૂલે હંસા,
શાહો સરોવર લેહરા વાસા.
સુનોરે યોગી સુનોરે અબ્ધુ
તુજે આદ્ય ભેદકા, કહું વિચાર.॥૬॥
યોગી તે જે યોગ જણાવે,
તેને હરિયા કીયા સંસાર;
પાણીકી બુંદ સે બ્રહ્માંડ નિપાયા,

એ સ્વામી સૃજનહાર.
સુનોરે યોગી, સુનોરે અબધુ
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૭॥
એ નાથ બોલ્યા સુનરે અબધુ
તું અમારી જ્ઞાનતી કલંકી ભણિયે,
નવખંડમાં હમ પ્રગટ ખેલી,
આદ ભેદકા મુલ ગણિયે.
સુનોરે યોગી, સુનોરે અબધુ
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૮॥
બાલારે ભોલા તમે શુણો મારા અબધુ,
સત્ય શું રચી પૃથિવ માયા;
યુગ છત્રીસમાં નિષ્કલંકી ભણિયે,
તે હમો સ્વામી કલિયુગમાંહે આવ્યા.
સુનોરે યોગી, સુનોરે અબધુ
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૯॥

અમે ઈસ યુગ માંહે આવ્યા,
તેથી થાએ અમર જીવડા સાર;
વાચા કારણ અંતે યુગે આયા,
તે નામ ધરાયા સંસાર.
સુનોરે યોગી, સુનોરે અબધુ
તુજે આદ્ય ભેદકા કહું વિચાર.॥૧૦॥
ધ્યાન ધરી બ્રહ્મ અક્ષરે બાંધ્યા,
તો કરાણી કમાવો ખરી;
સોહંસ જપી સન્મુખ ખેલીયે,
તો ઉપદેશ ના લીજે ફરી.
સુનોરે યોગી, સુનોરે અબધુ
તુજે આદ્ય ભેદકા કહું વિચાર.॥૧૧॥
આરંભે સોહંસ સ્થેજ સમાઈ,
જીવને મરણા સોહેલા કહિયે;
જે જન્મે મન નિશ્ચળ તેને રહિયે,

સદ્‌ગુરૂ વચને મન પ્રગટ લહિયે,
સુનોરે યોગી, સુનોરે અબ્ધુ
તુજે આદ્ય ભેદકા કહું વિચાર.॥૧૨॥

ધર્તિ ન હૂતી આસમાન ન હૂતા,
ન હૂતા પર્વત ને ભારા;
નવસો નવાણુ નદિયું ન હૂતી,
તબશે હમે નેહ બતાયા સારા.
સુનોરે યોગી, સુનોરે અબ્ધુ
તુજે આદ્ય ભેદકા કહું વિચાર. ॥૧૩॥

કહે ગુરૂ ઈમામશાહ અમે પંથ પ્રગટાવ્યો,
સત્પંથ લેઈ જંબુદ્રીપમાં આયા;
સત્પંથ સદાએ છે ઉત્તમ,
સત્પંથ વિના મોક્ષ નહિ કોઈ પાયા.॥૧૪॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૪૨.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

ઈમામપુરી માંહે અમે આશણ સૂજ્યા,
અમે શુદ્ધ નિરંજનનાં સાથી;
રેવાથી ઓત્રે ને સાબર ત્રષ્ટે,
ત્યાં ગોર નર બ્રહ્માએ કલા કીધી. રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૧॥
વૈકુંઠમાં હતા તે તમને સંભળાવ્યા,
આ યોગે મુક્તિ નહિ થાએ;
જરણા ની જાતને જીવતરની વાત,
એમ પિંડને બ્રહ્માંડ પડિયા જાએ. રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૨॥

યો—૯

ઈમામની નેક ને જૂવો વેદની ટેક,
પણ ઘડયા એટલા નહિ ઘાટો;
કોએક ફાટયા ને કોએક ફુટયા,
કોએક મૂલ માંગે વાતો. રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૩॥
એ શાસ્ત્ર તમને યોગી સદ્દગોરે કહ્યા,
પણ સૃષ્ટિના ગોર અમને જાણો;
સંતોષ વિધિએ સપાત્ર લહીયે,
કુપાત્રની પૂજા કેમ ચિત્તે આણો? રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૪॥
મોટા થાએને શિવગુણ ગાએ,
પણ સાંસાં તે તમને પડશે;
યોગને કાજે તમે જીવન કાં હારો!
તો રત્ન પદાર્થ કયાંથી સાંપડશે? રે યોગેશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૫॥

યોગને ન જાણેને સુનને વખાણે,
તે શેહેસ્ત્ર ખાટકી જેવાનેક;
જીવ હણે ને શિવ મંતર ભણે,
પ્રેમનો અક્ષર ના જાણો એક. ૨ યોગશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૬॥
હેત ધરીને શ્રીનર મુખે ફરિયે,
નહિતો ફોગટ ફેરા ખાસો;
એ પાપના પડલ તારા પિંડ પર ફરિયા,
ફર્માની હોશો તો ફેરા ટલશો. ૨ યોગશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૭॥
આપ વિચારે ને પંચને મારે,
નહિતો પિંડ પ્રાણને વેહેરા પડશે;
જીવનની જયોતિ જેવાં નિર્મલ મોતી,
ત્યારે નિરંજન ઘેર વાસો થાશે. ૨ યોગશ્વરો-
પણ યુગમાં જીવણા થોડા. ॥૮॥

પાંચને મારે તે એક કરી જાણે,
પણ સૂર્ય ઊગે સંગ્રામ થાશે;

આગળ સો સો કારણ લેઈ સૂર્ય તપશે,
ત્યારે જીવોનાં લેખાં સાહેબ લેશે. રે યોગેશ્વરો–
પણ યુગમાં જીવણા થોડા. ॥૯॥


બ્રાહ્મણ જોશી ને સેવડા સન્યાશી,
તે શું જાણે કલા અમારી;

અમે મચ્છા રૂપે રમત કીધી,
વેદ લેઈ ઘેર આવ્યા વારી. રે યોગેશ્વરો–
પણ યુગમાં જીવણા થોડા. ॥૧૦॥

નવ માસ તમને ઉદર માંહે રાખ્યા,
તેની તમે જરાએ શુદ્ધ નાં જાણી,
એમ બોલ્યા ઈમામશાહતમેશુણો યોગેશ્વર,

તમે તજ્યો આ સંસાર શું જાણી. રે યોગેશ્વરો–
પણ યુગમાં જીવણા થોડા. ॥૧૧॥

જેણે સંસાર લેર સમુદ્રની જાણી,
જેકો સુધા હોશે તે ઉતરશે પાર. રે યોગેશ્વરો–
પણ યુગમાં જીવણા થોડા. ॥૧૨॥



ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૪૩.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

છત્રીશ યુગને ચોરાસી ચોકડી,
અમે એક ધ્યાન શું રહ્યા;
ધ્યાન ધરી ધરી સત્ય જો સૂજ્યા,
તો સત્યમાં માં દત્ સમાયા. રે યોગેશ્વરો–
જેમણે સૂજ્યા તેમને સેવો. ॥૧॥
તેવોને સેવો તો સ્વર્ગ પુર જાશો,
જાશો તે તમે કરણી ને સારૂ;
ધર્મને પાપ બેઉ જીવની સાથે,
ધર્મ વધે તો પાપની ઘાટી વારૂ. રે યોગેશ્વરો–
જેમણે સૂજ્યા તેમને સેવો. ॥૨॥

અમે પીર કબીર દીનને કુલે આવ્યા,
અમે અનંતનાં ભરણુ ભરાવ્યા,
તે ભરણુ મીરાં મહમદશાહને શોભે,
એ છેલ્લી સંઘના સરદાર કાવ્યા રે યોગેશ્વરો–
જેમણે સૃજ્યા તેમને સેવો ।।૩।।
અમે ગોર નર બેઉ નિરંજનનાં ચેલા,
અમે હેમ પૂરીમાં તખ્ત રચયા;
એ ચારે વેદની વાત સંસાર જાણે,
પણ જાણી જોઈને અંધા થયા. રે યોગેશ્વરો–
જેમણે સૃજ્યા તેમણે સેવો. ।।૪।।
અમે પાંચમો વેદ પ્રત્યક્ષ બયેઠા,
અમે બેઠા આરબી રૂપ ધારી;
અરબી રૂપે હમે અવતાર લીધો,
એવી કળા કલિમાં ધારી. રે યોગેશ્વરો–
જેમણે સૃજ્યા તેમને સેવો. ।।૫।।

અમે દીન જગાવીને કુફર તોડયો,
અમે કોમ કોમનાં કંકાશ ટાળ્યા;
અમો બ્રહ્માને અમો માહેશ્વર;
અમે નિરંજનની કળાએ મહાલ્યા. રે યોગેશ્વરો-
જેમણે સૃજ્યા તેમને સેવો. ॥૬॥
અમે ભાવના સૃજીને ભક્તિ કીધી,
અમે મરણ જીવણ બેહુ સૃજ્યા;
વિષ્ણુ રૂપે અમે વૈરાગી વાહ્યા,
માળા પહેરી માંગી ખાયે તૃષ્ણા. રે યોગેશ્વરો-
જેમણે સૃજ્યા તેમને સેવો. ॥૭॥
કહે ઈમામશાહ અમે અસ્થળ પૂજાવ્યા,
સંઘ પોતીને સ્મર્થ આવ્યા,
ઠામ ઠેકાણા તે ગુરૂ મખે જાણો,
એ ગુરૂ વિના ગત કોએ ન પામ્યા. રે યોગેશ્વરો-
જેમણે સૃજ્યા તેમને સેવો ॥૮॥

ॐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૪૪.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

યોગી તેજે જીવના નીમેડા કરે,
બાકી માંગી તાગીને ઉદર પૂરે;
એ કુદરતી ખેલ અમે ત્રણનાં બેલી,
અમે ત્રણ ગુણ મલી લીધી તાલી. રે યોગેશ્વરો-
જેણે સૃજ્યા તેને સેવો. ॥૧॥
સોલ કળા લેઈ અમે સ્વર્ગેથી આવ્યા,
ત્યારે યુગમાં જળાહળ થયો;
અમર નામાર આગળ કયમ કરી સોહસો?
તમે શુદ્ધ વિસારી બેશી રહ્યા. રે યોગેશ્વરો-
જેણે સૃજ્યા તેને સેવો. ॥૨॥

સમા પ્રમાણે તમે સ્વર્ગમાં જાશો,
વાસ વૈકુંઠના તમનેં થાશે;
કર્મ સંયોગે તમે કર્તવ્ય ટાલો,
એ ટાલો ભભુત ભાંવે જાશે. રે યોગેશ્વરો–
જેણે સૃજ્યા તેને સેવો. ॥૩॥
જ્ઞાન ને મેલો ને ચેતો સવેલા,
અમ પાશે વસસો કે દુર જાશો ?
ત્રવેણી ઘાટમાં સંગ્રામ કીજે,
સત્પંથ ફળ તેથી પાઓ. રે યોગેશ્વરો–
જેણે સૃજ્યા તેને સેવો. ॥૪॥
કાયાના મહલમેં અબ્ધુત કરમ કીધા,
ત્યાં કોણ રાજાને કોણ પ્રધાન ?
જે કોલે કાયમજી શું બંધન થયા,
તેકોલ આજ સંભાલો રાખી ધ્યાન રે યોગેશ્વરો-
જેણે સૃજ્યા તેને સેવો ॥૫॥

એક રાજા ગુરૂ ને મારૂં મન પ્રધાન,
ઉમયા અમારી માતા નિરંજન તાત;
ઑમકાર દેવીને કાયાપુરી નગરી,
એની સેવાએ બેલો સાક્ષાત. ૨ યોગેશ્વરો-
જેણે સૃજ્યા તેને સેવો. ॥૬॥

એમ બોલ્યા ઈમામશાહ તમે શુણો યોગેશ્વર:
જન્મ ગમાશો જોતાં જોત જાણી,
અલક્ષ નિરંજ જ્યારે લેખું લેશે,
ત્યારેકાયાને ઘાલશે લોઢાની ઘાણી ૨ યોગેશ્વરો-
જેણે સૃજ્યા તેને સેવો. ॥૭॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૪૫.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

કોણ સત્ય તમારૂં કહિયે બ્રહ્માજી ?
કોણસી નગરમાં રહો વાશો ?
કોણે ઉપદેશ આપ્યો છે તમને ?
કોણે યોગ દેખાડયો ખાસો. રે યોગેશ્વરો–
બ્રહ્મં પીછાણે સોહી યોગી. ॥૧॥
કોણ સત્યગુરૂ એ યોગ દેખાડયો ?
એ કોણ કર્તવ્યે ધર્મ કીધો ?
કોણ કર્તવ્યે એવા ગુણ ખોજો ?
અને કોણ ઠેકાણે પાપ ટાલી દીધો ? રે યોગેશ્વરો–
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૨॥

કોણે તમને ભભૂત આપી ?
પણ કોણે સીંગી શબ્દ કીધા ?
કીયા ગુરૂએ પથ્થર પૂજાવ્યા ?
કોણે રૂંઢ માલા તમને દીધી ? રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૩॥
એ કોણસો માતા તમારી કહિયે ?
કોણસો કહિયે તમારા તાત ?
એ કોણ સો ઠેકાણે દિદારજ કીજે ?
પણ કોણ યોગે પૂજાવ્યા ? રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૪॥
કોણસી શક્તિ ને કોણસી ભક્તિ ?
કોણે અમર કાયા રાખી ?
એ કોણે માયા મનથીં વિસારી ?
કોણે તૃષ્ના ને તજી ? રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૫॥

નિરંજન ના મેલા તે યોગીની વેલા,
પણ કોણે ધર્મ કમાયા ?
કોણ પ્રકાર નાં યોગજ કહિયે ?
કોણ પ્રકારે કર્મના છુટકારા ! રે યોગેશ્વરો–
બ્રહ્મ પિછાણે સોહી યોગી. ાા૬ાા
કોની ચાલે ચાલો ? કોને ધર્મ આલો ?
કોને જોઈને મુક્તિ લેશો ?
ન આવે વિશ્વાસ તે કોણે પૂરી ઓશા ?
પ્રતિત વિના કેમ પાવન થાશો. રે યોગેશ્વરો–
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ાા૭ાા
હૃદય કમલમાં કોણ નર લેખો ?
આશણ વાલો તો મન અજવાલે;
કોણ ભરૂંસે રાખો પાસો ?
પણ પંચ ભૂત આત્માને વારો. રે યોગેશ્વરો–
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ાા૮ાા

મન તન લેખે, તે અમને ન દેખે,
એમ દન પોતે જાશો શિર સોતા;
આ યુગ જાણો તો મન શું વખાણો,
પણ વિષિયાની વેલ કડવી હોવે. રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૯॥

શુન મંડલ માંહે તમે શું શોધો?
પણ પ્રતિમાં પૂજે પાપનાં જાએ*;
યોગ કમાઓ તમે યુગને જોઈ,
ધરણી કરણી જીવો થાયે થાએ. રે યોગેશ્વરો-
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૧૦॥

નવ માસ તમને ઉદર માંહે રાખ્યા,
તમે તેની શુદ્ધ નાં જાણી;
મનની કાશલ તમે કાઢી નાંખો,

* ભાગવત સ્કંધ ૩. અ. ૨૯ શ્લો. ૨૧-૨૨

તે નિત્યના નહિ લેખા પ્રાણી. રે યોગેશ્વરો–
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૧૧॥
અમે બોલ્યા ઈમામશાહ તમે શુણો યોગેશ્વર
પણ જયોતિ વિના યુક્તિ નાં હોવે;
કાલનાં ધંધા ને દુનિયા નાં ફંદા,
પણ ફોગટ માટે ફેરા ખાશો. રે યોગેશ્વરો–
બ્રહ્મ પીછાણે સોહી યોગી. ॥૧૨॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૪૬.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

એકોણ ગુરૂ હમે તમને કહિયે ?
કોણુ સે આસન તમને લહિયે ?
અમો કોણુ વિધ સપાત્ર લહિયે ?
અમે કોણુ શબ્દે મંત્ર ભણિયે ? રે યોગેશ્વરો-
અમને આશણુ બ્રહ્માજી બતાવો. ॥૧॥
કોણુસી નગરીમાં ભેલા રહિયે ?
કોણુ ધામે તમને કહિયે ?
દુનિયાના ગુરૂએ અમને યોગ દેખાડયો,
અમે દેખા દેખી ભભુતી ચોળી. રે યોગેશ્વરો-
અમને આશણુ બ્રહ્માજી બતાવો. ॥૨॥

યો-૧૦

અમે માંગી ખાવાને ભેખજ પેહેર્યો,
અમે કાયા ને કાજે કંથા પહેરી;
અમે દુનિયામાં દોડીદામ મેળવ્યો,
અમે પાપનાં પડદા લીધા પેહેરી. રે યોગેશ્વરો—
અમને આશણુ બ્રહ્માજી બતાવો. ॥૩॥
અમે પ્રેમ પ્રકાશી પથ્થર પૂજ્યા,
અમે ઉમિયાની સેવા કીધી;
મન વશ નાહિને, તિર્થે ફરિયે,
એ મુલે, મૂલ હમે ગમાયા. રે યોગેશ્વરો—
અમને આશણુ બ્રહ્માજી બતાવો.॥૪॥
અમે પંચભૂ આત્માને માકળ દીધા,
અમે જિભ્યા સ્વાદે યોગજ લીધા;
ઉત્તપત્ત પુંછો, તે અમે શું જાણિયે ?
અમને સૃષ્ટિના ગુરૂજી નથી લાધ્યા રે યોગેશ્વરો—
અમને આશણુ બ્રહ્માજી બતાવો.॥૫॥

બ્રહ્માના ભેદ ગુરૂજી અમે શું જાણિયે ?
ગુરૂજી અમને તે ઠેકાણા બતાવો;
અમે ઠરી ફરી ને ત્યાં જઈ ઠરિયે,
અમે ચરપટ રાજાને મન્છા નગરી. રે યોગેશ્વરો-
અમને આશણુ બ્રહ્માજી બતાવો. ।।૬।।
અમે કવણ આશણ ધરિયે ?
અમે કવણ ક્રિયા કર્મ કરિયે ?
અમે કવણ દિશાએ જાપ જપીયે ?
અમે યોગને કારણ જન્મ ગમાયા. રે યોગેશ્વરો-
અમને આશણુ બ્રહ્માજી બતાવો. ।।૭।।
અમે મરણ નાં લેખું ને જિંદગી નાં દેખું,
અમને નારાયણની સેવા ના સૂજી;
હિરા હશે તેને ઝવેરી જડશે,
ઈમામશાહ મલ્યા તે યોગી થાશે. રે યોગેશ્વરો-
અમને આશણુ બ્રહ્માજી બતાવો. ।।૮।।

ૐ

શ્રી યોગ વાણી. જ્ઞાન, ૪૭.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચ્યા.

કોણુ સિંહાસન કહોરે બ્રહ્માજી ?
અને કોણુ નગરીમાં રેહશો ?
કોણુ ઠેકાણે અસ્થળ પૂજાવો ?
કોણુ તે સાચું તીર્થ કહેશો. રે યોગેશ્વરો–
પણુ અમને છે ગોર નરની આશા. ॥૧॥
કોણુ ઠેકાણે તમે પ્રગટ રેહશો ?
અને કોણુસે વેદ ભણાવો ?
કોણુ વિવેકની વાચ્ચા હો પાનો ?[૧]
તમે કોણુસો જાપ જપાવો ![૨] રે યોગેશ્વરો–
પણુ અમને છે ગોર નરની આશા. ॥૨॥

---

૧ કોણુસા જાપ અમે જપિયે ગુરુજી ?
૨ પણુ ક્યાં જઈને દાન અમે દઈયે—રે યોગેશ્વરો.

અમે કોણુસે તિર્થે પાપ છુટીયે?
અને કોણુ સી જયોત અમે લઈયે?
કયા હાંરે જઈને અમે ગુન્હા ગુજારીયે?
અમને તેના સાંસાં ટાળો. રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા.॥૩॥

સેજે રે દાન સદ્દગુરૂ મુખે દેજો,
ગત તિર્થમાં ગુન્હા પર હરજો;
આજ પશ્ચિમ દિશા બેશી જાપ ઓચરજો,
તમે બીજ શુકર વારી કરજો. રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા.॥૪॥

ઈમામ પુરી નગરીમાં અમે પ્રગટ બેઠા,
ત્યાં ગોર નર બેઉનાં છે કેડા;
અનંત કરોડી જીવ તારવા આવ્યા,
અમે કરશું તે યુગોના નીમેડા. રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા.॥૫॥

અથર્વ વેદી અમો રામ રેહમાન,
અમે સહી નરને નારાયણે;
ચારે તે યુગમાં ચાર દિશા પૂજાવી,
કરણ કલકમાં અમને સર્વે જાણે. રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા.॥૬॥
સોળ કળાશું અમે જયોતિ પ્રકાશી,
અમે છત્રીસ આશાને લાવ્યા;
હેમ પુરમાં હાજર મિજલસ નાં મેલા,
ત્યાં પાંચમો વેદ ભણાવ્યા. રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા.॥૭॥
કુંવારકા ક્ષેત્ર માંહે મંડોણુ માંડયું,
અને ત્યાં પાપ ધર્મ તોલા શે;
જે કોઈ આવી "નરાં" કારને નમશે,
તેના પાપ તેપર લે જાશે. રે યોગેશ્વરો-
પણ અમને છે ગોર નરની આશા.॥૮॥

ઘટને પાટ તમે સાચે મને પૂજો,
સોળ કળા તે ઘટમાં આવે;
જંબુરે દ્વીપમાં યોગેશ્વર બેઠા,
તે સાદ શબ્દના સાથી. રે યોગેશ્વરો–
પણ અમને છે ગોર નરની આશા. ॥૯॥
કહે ઈંદ્ર ઈમામશાહ શુણો યોગેશ્વર,
અમે નિરંજન ઘર થકી આવ્યા;
આગળ કૃષ્ણરૂપે અમે કરૂણા હો કીધી,
અમે તે ગોર નર બેઉ આવ્યા, રે યોગેશ્વરો–
પણ અમને છે ગોર નરની આશા ॥૧૦॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૪૮.

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા.

બ્રહ્માને શિવ બેઉ સંગાતે આવ્યા,
અમો શિદ્ધ પુરૂષ ના છે સાથી;
નિરંજન લેઈ શક્તિ સમજાવી,
એ વર વરી તે શક્તિ જાતી. રે યોગશ્વરો–
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૧॥
અમે નવે અવતારે રમત કીધી,
અમને પણ એવા તમે વાજાણે;
અમે તે બ્રહ્મા ને અમે તે વિષ્ણુ,
અમે તેજ દેવ માહેશ્વર જાણો. રે યોગશ્વરો–
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૨॥

અમે પૃથ્વિ રાખીને બ્રહ્માંડ જડિયા,
અમે જડયા મૂલને મંડાણુ;
અમે કમલ પ્રકાશીને સંયોગ કીધા,
અમે કીધા જરણુ ને મરણુ. રે યોગેશ્વરો–
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૩॥
અમે સૃષ્ટિમાં આવ્યા ને મુનિવરે વધાવ્યા,
અમે વશ થયા તે દેવ વનમાલી;
અમે સત્પંથ રોપીને રમત માંડી,
અમે રહ્યા ગરિબ ઘર માહાલી. રે યોગેશ્વરો–
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૪॥
ઉત્તમ મધ્યમથી અમેનાં અભડાયા,
અમને સેવે તે અમર થાયે;
અમે વાડી વાવીને વિગતાઈ કીધી,
વિશ્વંભરની કળા વર્તાવી. રે યોગેશ્વરો–
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ॥૫॥

કળા તર્તાવી અમેં યોગ દેખાડયા,
તે જાણો, તે અમે આપો આપ;
ભક્તોની વ્હારે અમે યુગોયુગ આવ્યા,
અમે કોલ આપીને ટાળ્યા પાપ..રે યોગેશ્વરો–
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ાા૬ાા
અમારે હુકમે પાણીને પર્વત જાણો,
અમારે હુકમે નવકુળ નાગ;
અમે નુરાણી વસ્ત્રે નુરધર કહેવાયા,
અમે તેજ ઈમામ શાહો આવ્યા.રે યોગેશ્વરો–
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે. ાા૭ાા
અમારા પુરનું સુખ સદ્દગોરે દેખાડયું,
અમે રહિયે શરણ તમારી;
શરણે રાખી અમને સત્પંથ આપ્યો,
અમે સોબતના થયા છું સાથી. રે યોગેશ્વરો–
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે.ાા૮ાા

અપરાધ અમારા અળગા કરી નાખો,
અમને નર્કે જાતાં ગુરૂજી ઉગારો;
એકે બાણે અમારા અંગો અગ વિધાંણાં
અમથી ઉત્તર એકે નાં દેવાયો. રે યોગેશ્વરો–
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે.॥૯॥
અમે આજ લગી ગુરૂજી સુનમાં સેવતા,
અમે ના જાણ્યા સૃજન હારા;
અમે આદ્યગુરૂ વિના ગુરૂજીભીંતે અથડાયા,
તમે સત્ય યોગ દેખાવનહારા. રે યોગેશ્વરો–
પણ નિરંજન સેવે તે શુદ્ધ થાશે.॥૧૦॥
અમને જન્મો જનમના ફેરાથી ટાલ્યા,
પણ અમે શું જાણુ? શુદ્ધ તમારી;
અમને જંબુદ્વીપના ગુરૂગત્તમાં દેખાડયા,
શુણી સાચા વેદની વાણી તમારી. રે યોગેશ્વરો–
પણ નિરંજન સેવે તે શુધ્ધ થાશે.॥૧૧॥

વેદ પ્રમાણે અમે વિશ્વંભર વરિયા,
દશાંશ દઈએ અમને દીયોને દીદાર;
સેવા કારણુ અમે સંસાર તજિયા,
અમને ભવસાગરથી ઉતારોને પાર. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુધ્ધ થાશે. ॥૧૨॥
ભણે ઈમામશાહ તમે શુણો યોગેશ્વરો,
પણ પ્રાલબ્ધે દેવને કાયમ પામો;
જે દહાડે ધંધુ કાર જો હૂતા,
ત્યારે પણ અમે તેજ પ્રકાશ્યા. રે યોગેશ્વરો-
પણ નિરંજન સેવે તે શુધ્ધ થાશે. ॥૧૩॥

ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૪૯.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

નાથ તમારા ને ચેલા અમારા,
જન્મો જન્મના છું અમે યોગી;
નવ નાથ ને એ સિદ્ધ ચોર્યાસી,
એ આશણે અમને આરાધે. રે યોગેશ્વરો-
કાયા કશો તો યોગ સૂજે. ॥૧॥
અમે ત્રાંસ બાંધીને જીવું ને તોલીશું,
રતી રતી અવગુ નહિ રાખું તમારા;
જે જીવ બલશે ને એકઠા મલશે,
તેના શિર પડશે ઘણુ કેરા મારા. રે યોગેશ્વરો-
કાયા કશો તો યોગ સૂજે. ॥૨॥


સાત મે નેજે સૂર્ય આવી રેહશે,
ત્યારે ધર્તિ હોશે ત્રાંબા વર્ણિ;
એકેકો ગુન્હો સોસો વાર પૂછશે,
ત્યારે જીવડો રોશે પોકો પાડી. રે યોગેશ્વરો-
કાયા કશો તો યોગ સૂજે. ॥૩॥
સત્પંથી હોશે તેને શિરછત્ર ધરાશે,
તેને અગ્નિ નહિ લોપે લગાર;
તે જીવનો મહાદન એલેરે જાશે.
તે તો બેસશે શાહોજી પાસે સાર. રે યોગેશ્વરો-
કાયા કસો તો યોગ સૂજે. ॥૪॥
તેરે દહાડો તમને દોહેલો આવે,
કીધા કર્તવ્ય તે આગલ હોશે;
તન મન વારો ને જીવને ઓધારો,
નહિતો હિસાબે પૂંછતા હાણુ હોશે. રે યોગેશ્વરો-
કાયા કશો તો યોગ સૂજે. ॥૫॥

અધલાખ વરસનો એક દહાડો હોશે,
એવા દુઃખડા ત્યાં જીવડા ભોગવશે;
મુનિવર કાજે અમે મેઘા ડમ્બર રચિયા,
તેની છાંએ બેશી શાન્તિ લેશે. રે યોગશ્વરો-
કાયા કશો તો યોગ સૂજે. ॥૬॥

એવા દુ:ખ દોહેલા દુનિયામાં હોશે,
પણ તમે ગુરૂમંતર નાં જાણો;
તમોઈ કોતેર નેતારો તોયોગ ઉતારો.
જન્મ જાશે તે જોતાં જોતાં. રે યોગશ્વરો-
કાયા કશો તો યોગ સૂજે. ॥૭॥

આયોગ ઉતારીને સંસાર માંડો,
સંસાર માંડે શુદ્ધ થાશો તમે;
એણે સંસારે રાજા પ્રહલાદ સિધ્યા,
જેણે કાયા હોમાવી હોલી માંહે. રે યોગશ્વરો-
કાયો કશો તો યોગ સૂજે. ॥૮॥

એ મનના યોગીતે અમરનાં ભોગી,
સ્વર્ગે જઈને સુખિયા થાઓ;
સવાલાખ વરસનું આગળ સુખ થાશે,
અમને ગોર નર જાણીને સેવો. રે યોગેશ્વરો–
કાયા કશો તો યોગ સૂજે. ॥૯॥
એમ બોલ્યા ઈમામશાહ સુણોરે યોગેશ્વરો,
પણ સંઘ પોંતીને સ્મર્થ આવ્યા;
છેલ્લી સંઘનાં સાહેબ અમને સહી કરી જાણો,
જે આપે અમરાપુરનાં વાશા. રે યોગેશ્વરો–
કાયા કશો તો યોગ સૂજે. ॥૧૦॥



ૐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, ૫૦.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

સત્પંથ પદાર્થ તમે શોધીને લેજો,
એણી આલે ઈમામ ગોર આવ્યા;
રૂપ અમારા ને ભાગ્ય તમારા,
જેણે શુદ્ધ શોધી તે નેર પામ્યા. રે યોગેશ્વરો–
તમે જન્મના યોગને જાણો. ॥૧॥
આ જન્મે નાં જાણ્યાં તે જાતે લૂંટાશે,
તેની કમાઈ જાશે સર્વ લૂંટાઈ;
અમે "હેમ" પૂરી માંહે તખતે બેઠા;
એ દિલભર જીવોનાં દાતારી. રે યોગેશ્વરો–
તમે જન્મનાં યોગને જાણો. ॥૨॥

તમને ઈમામ ગોર પ્રતક્ષ મલિયા,
યુગના કરવા તે નિમેડા;
એ કોણ જાત તમારી ને નાત તમારી,
અમે સાહેરના તારણહારા. રે યોગેશ્વરો-
તમે જન્મનાં યોગને જાણો. ॥૩॥
એ દરિયા ભરિયા ને વેદની ક્રિયા,
ચૂકે ચોર્યાસીના ખાશો મારો;
પૂછો છો અમને ? ગોર મલિયા છે તમને,
આ સંસાર જોઇને કર્તવ્ય ખોજો. રે યોગેશ્વરો-
તમે જન્મનાં યોગને જાણો. ॥૪॥
આ સમયે જોઈને કર્તવ્ય ખોજો,
પણ ક્ષમા જેવું નહિ કોઈ દાન;
અમે મુલ સ્થાનમાં રમત માંડી,
અમે હીરાની ખાણ ઉઘાડી. રે યોગેશ્વરો-
તમે જન્મનાં યોગને જાણો. ॥૫॥

અમારાં મર્મ, મેરમ હોય તે જાણે,
અમે સકળ સંયોગે ધરિયા ધ્યાન;
ધ્યાન ધરી ધરી અમે ધારણાઓ ધરી,
નિરંજનની માયાના ધરિયા માન. રે યોગેશ્વરો–
તમે જન્મના યોગને જાણો. ॥૬॥
આકઠણુ વેલામાં અમે કલા છુપાવી,
અમે કીધા ભક્ત અગોચર અંતરે સાર;
આજ સમા પ્રમાણે સોધીને લેજો,
આ સત્પંથ છે ખાંડા કેરી ધાર. રે યોગેશ્વરો–
તમે જન્મનાં યોગને જાણો. ॥૭॥
જે દાડે મોહ ને માયા એ નહોતી,
ત્યારે અમે તે રૂપ પ્રકાશ્યા જાણ;
અમે રૂપ પ્રકાશી ને 'રમત માંડી,
અમે સૃજ્યા હિન્દુ ને મુસલમાન. રે યોગેશ્વરો–
તમે જન્મનાં યોગને જાણો. ॥૮॥

હિન્દુ હરિને પજી પસ્તાયા,
મુસલમાને મુલગા ગુમાવ્યા;
રાજા ગુંસાઈ તેમણે શુન માંહે પાયા,
તમે શું શોધો શુનની માયા. ? રે યોગેશ્વરો–
તમે જન્મનાં યોગને જાણો. ll૯ll
સો ક્રિયાની અમે જનોઈ આપી,
પણ બ્રહ્મ ને જાણે સોહી બ્રાહ્મણ;
તિર્થ ન્હાવે ને પાપનાં જાવે,
એ પંથ કોણે બતાવ્યા નિર્વાણ ? રે યોગેશ્વરો–
તમે જન્મનાં યોગને જાણો. ll૧૦ll
પાંચશો વેદ તેતો મુક્તિનો ભેદ,
અર્શ કુર્શિની આશા તેને સોએ;
અહાર નિર્મલં મનં પાલો ગુરૂની વાચા,
તો હેતે પ્રિતે હાંસલ હોએ. રે યોગેશ્વરો–
તમે જન્મના યોગને જાણો. ll૧૧ll

ભિક્ષા ફિરાવે ને ઘર ઘર જાવે,
પરધાન ખાધે ધર્મનાં સૂજે કાંઈ;
મડી બાંધી ને મંચ્છા નાં મૂઈ,
માયા જૂઠીમાં મરશો તમે સોઈ. રે યોગેશ્વરો-
તમે જન્મનાં યોગને જાણો. ॥૧૨॥

ઉપદેશે ઉંધાને થાએ છે સુધા,
પણ સત્ય વિના સૂકાઈ જાશો સાર;
જેમ ઝાકલનું પાણી તેમ કાયાની એંધાણી,
આવ્યું તેને વહી જાતાં નહિ લાગે વાર. રે યોગેશ્વરો-
તમે જન્મનાં યોગને જાણો. ॥૧૩॥

દોઢી સવાઈ જેમ મીઠી ભવાઈ,
રાત ચોંતી ને રહ્યા ખેલી તે રેહશે;
એમ બોલ્યા ઈમામશાહ શુણો યોગી,
અમને મલે આવા ગવન ટલશે. રે યોગેશ્વરો-
તમે જન્મનાં યોગને જાણો. ॥૧૪॥

ॐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, પ.૧.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

ઓંમ (ॐ) શબ્દ એવો બોલે સાનવિના,
પણ લી લોપીને મેલી લાજો;
કશના કાચા એ પડશો તમે પાછા,
પણ પેટ ભરીને લેશો પાપ. રે યોગેશ્વરો–
પણ જ્યોત પુરૂષને પૂજો જોઈ.॥૧॥
કરમની કંથા સૌ થાશે મિથ્યા,
બધ ને કંશા શુર જોને રાજ;
એ રાજ આપીને અમે રમત કીધી,
તે અવતાર અમે તે આવ્યા આજ. રે યોગેશ્વરો
પણ જ્યોત પુરૂષને પૂજો જોઈ.॥૨॥

અહદ રૂપે અમે રમત કીધી,
અમે એક રૂપને નવ અવતારી;
રાસ વિલાસ આગે અમે અવનવી કીધી,
અમે રમત રમીએ અનેરી. રે યોગેશ્વરો-
પણ જયોત પુરૂષને પૂજો જોઈ. ॥૩॥
એ પુરૂષના તમે આશણ સેવો,
અમે જયોતિ નાં યોગ દેખાડયા;
અહદની વાત તમને અમે ઝાહેર કીધી,
અમે મોક્ષ મુક્તિનાં ઠામ બતાવ્યા. રે યોગેશ્વરો-
પણ જયોત પુરૂષને પૂજો જોઈ. ॥૪॥
અમે શુદ્ધ પ્રસાદે સેવા કરીને,
અમે સંસારમાં શુદ્ધ કહેવાયા;
અમે હશન કબીરદીન કુળે અવતાર લીધો,
અમે તેજ ઈમામશાહ કહાવ્યા. રે યોગેશ્વરો-
પણ જયોત પુરૂષને પૂજો જોઈ. ॥૫॥

આદિપનથી હમે પાશે જોરાખી,
અમે સોળ કળાના સરદાર;
અમે સંસારમાં આવ્યા ત્યારે યોગી કાવ્યા,
અમે યોગ કીધા છે ગુણુ ગંભીર. રે યોગેશ્વરો-
પણ જયોત પુરૂષને પૂજો જોઈ. ॥૬॥
રેહણી કરણિયે અશંખ યુગ આગે કીધા,
અમે થયા અશરણા શરણ;
એ તત્વ ગુણ વિધિયે ત્રીગુણ સૃજ્યા,
અમે સૃજી તે વરણા વરણ. રે યોગેશ્વરો-
પણ જયોત પુરૂષને પૂજો જોઈ. ॥૭॥
એમ ભણે ઈમામશાહ તમે શુણો યોગેશ્વર,
સી વિધે સપાત્ર ને લૈયે;
સપાત્રની યોગી સેવાઓ કર્તા,
એ ત્રીગુણ થી ન્યારા રૈયે. રે યોગેશ્વરો-
પણ જયોત પુરૂષને પૂજો જોઈ. ॥૮॥

ૐ

શ્રી યોગ વાણી. જ્ઞાન, ૫૨.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા.

ઈમામ પુરી નગરીમાં સદ્‌ગોર બેઠા,
એની સેવાએ જાગીને સૌ ખેલો;
એ સેવાએ ખેલો છે આતમનો છેલ્લો મેલો,
તમે કાયાના અભીમાન ખોવો. રે યોગેશ્વરો-
પણ યોગ તત્વ તમે જાણો.॥૧॥
અભિમાન તજશો તો યોગને ભજશો,
આપ ન સૂજે તે કાંએ નાં બૂજે;
એ પ્રાણીનો અર્થ કેઈ પેરે થાશે?
તે મરણ વેલા ભાગી જાશે દૂજે. રે યોગેશ્વરે -
પણ યોગ તત્વ તમે જાણો. ॥૨॥

આ ગરથી યોગી હોએ તડ તરશો,
તમને થાશે અમરાપૂરની આશા;
સ્વર્ગની આશા જીવ રાખી પસ્તાશો,
પણ પચાસમા તમે પૂરો વાશા. રે યોગેશ્વરો–
પણ યોગ તત્વ તમે જાણો.॥૩॥
શુદ્ધ નિરંજનને છે સોળ કળા,
ત્રણ ભોવનમાં ભરી પૂરી રહ્યા;
કાયા કશીને તમે યોગ કમાઓ,
તો મરણજરણનાં લેખા ગયા. રે યોગેશ્વરો–
પણ યોગ તત્વ તમે જાણો. ॥૪॥
માર ખાશો ને શિરમિન્દા થાશો,
જીવ ગએ ફેરા અતીશે ખાશો;
મન કેરી માલા માયાએ કરી ભૂલ્યા,
તમે સદ્દગોરને શરણે જાશો. રે યોગેશ્વરો–
પણ યોગ તત્વ તમે જાણો. ॥૫॥

એ ઈશ્વર આદમ આગે બોહોત કહાવે,
પણ એ કયાંથી થયા છે પેદા,
અમેતે મચ્છંદરને યોગનું ઘર,
પંચ ભૂતને વસ રાખો સદા. રે યોગેશ્વરો–
પણ યોગ તત્વ તમે જાણો. ॥૬॥
દુનિયા સવાદે જેણે સત્પંથ ખોયા,
તેણે ખોયા આજ કલિમાં કિર્તાર;
આ મન મનાવવા ને યોગી હૂવા,
આ હંસ રમી કરી જાશે બારરે. રે યોગેશ્વરો–
પણ યોગ તત્વ તમે જાણો. ॥૭॥
યે રૂઆને આધારે પ્રાણ રમે છે,
યે પિંડને પ્રાણ વાયુનાં સાથી;
બુદ્ધને શુદ્ધ બેઉ હોશે મરણના સાથી,
સત્ય છે દતનાં બેલી. રે યોગેશ્વરો–
પણ યોગ તત્વ તમે જાણો. ॥૮॥

ક્ષમાની ખેતી ને રાખો શિર સેતી,
એ સોળ કલામાં સાથે મલસો;
એ કરણીનાં કાચા ને થાએ છે સાચા,
એ સંતોષની નાડેથી વલશો. રે યોગેશ્વરો-
પણ યોગ તત્ત્વ તમે જાણો. ॥૯॥
બ્રહ્માંડ જડાયા ને ઘટ ઘડાયા,
પણ એ ઘટ છે ઘોર ગંભીર;
ઈમામ પૂરીમાં અમે આસણે બેઠા,
અમે કરમ પ્રજાલી કળા ધરી ગંભીર. રે યોગેશ્વરો-
પણ યોગ તત્વ તમે જાણો. ॥૧૦॥
પ્રકાશી પાપને બેઠા આપો આપ,
અમે બારમી સદીનાં સરદાર;
અલક્ષ યોગ વિનાં ભિક્ષા મંગાવો,
આવા ઉપદેશ કોણે આપ્યા સાર. રે યોગેશ્વરો-
પણ યોગ તત્વ તમે જાણો. ॥૧૧॥

જ્યાં લગી તમને ગોર બ્રહ્મા નાં ભેટયા,
ત્યાં લગી ખાસો તમો ફેરા;
સદ્ગોરની વાણી તમે ગોર મુખે જાણી,
પણ નાથ વિના નહિ હોયે નિમેડા. ૨ યોગેશ્વરો–
પણ યોગ તત્વ તમે જાણો. ॥૧૨॥

નિષ્કલંકની ગત આ સદ્ગોરે દેખાડી,
તે ગોરને તમે સાચે મને ધાઓ;
સાચેરે મને તમે શુક્તિ કરજો,
તો સહી અમરાપુર જાઓ. ૨ યોગેશ્વરો–
પણ યોગ તત્વ તમે જાણો. ॥૧૩॥

એમ બોલ્યા ઈમામશાહ તમે શુણો યોગેશ્વર,
અમે સ્વર્ગ ભૂવન થકી આવ્યા;
અમે પ્રત્યક્ષ બેઠાને પૂજા દેખાડી,
અમે જન્મ મરણનાં સાંસાં ટાલ્યા. ૨ યોગેશ્વરો–
પણ યોગ તત્વ તમે જાણો. ॥૧૪॥

ॐ

શ્રી યોગ વાણી, જ્ઞાન, પ.૩.

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા.


ચોગીકું ઢુંઢન તાં યુગ ગયે,
કહો કેતે દીન ભયે, સાંઈયાં માંગેગા લેખા.
ઉસ ચોગીકું ઢુંઢતાં યુગ ગયે.
કહો કિત્તે દીન ભયે. ।।૧।।
ચોગીકે ગલેમેં હાર હૈ, હિરા રતનશું જડિયા;
જિસ્કા ભાગ્યહો ઉસકું દેતાહૈ,
અયસા દિલહે દરિયા.
ચોગીકું ઢુંઢતાં યુગ ગયે. ।।૨।।
ચોગી સો યુગમેં એક હૈ,
બાકી સર્વે ભીખારી,

મારો યોગી ચતુર શુજાણુ છે,
અવરસો મુંદ્રા ધારી.
યોગીકું ઢુંઢતા યુગ ગયે. ॥૩॥

યોગી કી રમત જે કરે,
ઉસે દઉ લાખું બધાઈયાં;
કાન ગોકુલ મે ખેલ ગયે,
આપે હુવા રે ગુંસાઈયા;
યોગીકું ઢુંઢતા યુગ ગયે. ॥૪॥
યોગી સો જેણે યોગજ જાણ્યા,
આપે રહ્યા મસ્ત દીવાના;
યુગમાં મઢુલી રચી રહ્યા,
જયશ્રી ધર્તિ અસમાના.
યોગીકું ઢુંઢતાં યુંગ ગયે. ॥૫॥

૧૭૬ યોગીકું ઢુંઢન તાં યુગ ગયે.

કાયાસો કંથા ગોદડી, કરણી કેરા ધાગા,
ઓઢયાસો અમર હૂવા,નાઓઢયાસો નાગા,
યોગીકું ઢુંઢતાં યુગ ગયે. ।।૬।।
કપડા ધોએ યોગી નહિ મીલે,
દિલ ધોવે સો પાવે,
જ્ઞાન બોલ્યા ગોર ઈમામશાહ,
સાચા અમરા પૂરજાવે.
યોગીકું ઢુંઢતાં યુગ ગયા.
કહે કે તે દીન ભયે. ।।૭।।



સત્પંથી સનાતન વૈદિક ધર્મ છે. તે ઓળખવાને સાત્વિક બુદ્ધિની અગત્ય છે. માદક અહારિયોને તેની શુદ્ધ સમજવામાં ના આવે, આ યુગ તમાકુનો યુગ છે. પ્રથમયજ્ઞ, યાગમાં હોમ, હવને કરી વાતાવરણ શુદ્ધ બની શ્રષ્ટિ શાન્ત બની સુખી થાતી. તેમજ હાલ તમાકુનો થતા ચોખંડ પૃથ્વીમાં ધુમાડો, વાતાવરણમાં ભળી, સર્વજગતને મુંજવી બુદ્ધિહીણ બનાવી સનાતન ધર્મથી ભ્રષ્ટ બનાવી શ્રી વિષ્ણુ, નિષ્કલંકી નારાયણથી વિમુખ કરી મૂકે છે.

વ્હાલા વિરાઓ ! સત્પંથ પામવો હોય ? ને શ્રી નિષ્કલંકી નારાયણને ભેટવું હોય ? ને એ શ્રી ચરણ કમલની સેવા પામવી હોય ? તો પ્રથમે માદક અહારાદિ ભ્રષ્ટ ખોરાક તજી, સત્પંથ સેવતા બનો, એજ માર્ગ હાલની જગત માટે ઓદ્ધાર (મોક્ષ) નો ખરેખરો, ખુલ્લો, ને શેહોલા છે. એ માટે પ્રમાણો ઘણાએ શાસ્ત્રોમાં પ્રગટ છે. એજ

સત્પંથના દાશાનુંદાશ.